# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૧/૦૨/૨૦૧૯ ને ગુરુવારના રોજ સવારના ૧૧ : ૦૦ કલાકે મળેલ ૨૩૯ મી બેઠકની કાર્યવાહી નોંધ.

---

**બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા | : અધ્યક્ષશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ, મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા | : સભ્યશ્રી |
| (૩) | પ્રમુખશ્રી<br>જીલ્લા પંચાયત, વડોદરા | : સભ્યશ્રી |
| (૪) | કલેકટરશ્રી<br>વડોદરા | : સભ્યશ્રી |
| (૫) | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા | : સભ્યશ્રી |
| (૬) | પ્રાદેશિક કમિશ્નરશ્રી,<br>નગર પાલીકાઓની કચેરી,વુડા સર્કલ,વડોદરા | : સભ્યશ્રી |
| (૭) | મુખ્ય નગર નિયોજકશ્રી<br>ગુજરાત રાજય, ગાંધીનગર | : સભ્યશ્રી |
| (૮) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા | : સભ્યશ્રી |
| (૯) | જીલ્લા વિકાસ અધિકારીશ્રી<br>વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા | : આમંત્રીત સભ્યશ્રી |
| (૧૦) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા | : સભ્ય-સચિવશ્રી |

બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૧ થી ૩૦ અને અધ્યક્ષ સ્થાનેથી મુધ્દા નં.૧ થી ૪ ની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુધ્દા નંબર (૧) : સત્તામંડળની તા.૧૪/૧૨/૨૦૧૮ ની ૨૩૮ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

સત્તામંડળની તા.૧૪/૧૨/૨૦૧૮ ની ૨૩૮ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૯૬૬/૨૦૧૮ તા.૨૮/૨૮/૨૦૧૮ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા ચર્ચા વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામા આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૨૫૬૦ ) :** સત્તામંડળની તા.૧૪/૧૨/૨૦૧૮ ની ૨૩૮ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદદા નંબર (૨) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની તા.૨૦/૦૯/૨૦૧૮ ની ૨૩૭ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૨૦/૦૯/૨૦૧૮ ની ૨૩૭** મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૨૫૬૧ ) :** સત્તામંડળની **તા.૨૦/૦૯/૨૦૧૮ ની ૨૩૭** મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર ( ૩ ) : સત્તામંડળનું સને ૨૦૧૮-૧૯ ના નાંણાકીય વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૯-૨૦ નું અંદાજપત્રને બહાલી આપવા બાબત.**

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળનું સને ૨૦૧૮-૧૯ ના નાંણાકીય વર્ષનુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૯-૨૦ નું અંદાજપત્રને બહાલી માટે રજુ કરેલ છે.**

ઠરાવ ક્રમાંક ( ૨૫૬૨ ) : **સત્તામંડળનું સને ૨૦૧૮-૧૯ ના નાંણાકીય વર્ષનુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૯-૨૦ નું અંદાજપત્રને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**

**મુધ્દા નંબર ( ૪ ) :** વકીલોની પેનલ બનાવવા બાબત

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં કાયદાકીય સલાહ માટે વુડા તરફે સિવીલ/નીચલીમાં કોર્ટમાં કેસ રજુ કરવા માટે વકીલોની પેનલ નવેસરથી બનાવવાની થતી હોવાથી સત્તામંડળની તા.૨૦/૦૯/૨૦૧૮ ની ૨૩૬ મી બેઠકના ઠરાવ ક્રમાક : ૨૫૦૨ થી ઠરાવ્યા અનુસાર અમદાવાદ/સુરત શહેરી વિકાસ સત્તામંડળના હાઇકોર્ટના પેનલના વકીલો તથા વડોદરા મહાનગર પાલિકાના સીવીલ કોર્ટના પેનલપરના એડવોકેટશ્રીઓને વુડા કચેરીમાં હાઈકોર્ટ / સીવલ કોર્ટના કેસોની કામગીરી કરવા માટે સંમતી મંગાવતા સીવીલ કોર્ટ/હાઈકોર્ટના આ સાથે સામેલ યાદીમાદર્શાવેલ એડવોકેટશ્રીઓએ તેઓની સંમતિ આપેલ છે.

સત્તામંડળની તા.૧૨/૦૬/૨૦૦૭ ની ૧૯૭ ની બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાક : ૧૮૫૯ થી વુડાની પેનલ પરના એડવોકેટશ્રી મયુર પંડયાને કેસ દિઠ રૂા.૧૦,000/- તથા નવા નિમાયેલ જુ.એડવોકેટશ્રી ને રૂા.૫૦૦૦/- પ્રમાણે ફી ચુકવવા તથા અન્ય બાબતો ઔડાના ધોરણ મુજબ રાખવા ઠરાવવામાં આવેલ છે.

1સત્તામંડળની તા.૨૭/૦૬/૨૦૧૪ ની ૨૨૨ ની બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાક : ૨૨૧૪ થી વુડાની પેનલ પરના એડવોકેટશ્રી હેમંતમુન્શોને કેસ દિઠ ચુકવવામાં આવતી રૂા.૫૦૦૦/- ફીમાં વધારો કરી રૂા.૧૦૦૦૦/- મુજબ ચુકવવા ઠરાવવામાં આવેલ છે.

ઔડા ધ્વારા નીચે દર્શાવેલ વિગતે સિવીલ/ડિસ્ટ્રીક કોર્ટના એડવોકેટશ્રીને કેટેગરી વાઇઝ ફીનુ ચુકવણુ કરવામાં આવે છે. તે મુજબ હાલના વુડાના એડવોકેટશ્રી દિલીપ નાણાવટીને રૂા.૩૫૦૦/- પ્રમાણે ફીનુ ચુકવણુ કરવામાં આવે છે.

| A કેટેગરી | B કેટેગરી | C કેટેગરી |
|---|---|---|
| પ્રો.ફી 4500.00<br>ખર્ચ પેટે 500.00<br>કુલ રૂ. 5000.00 | પ્રો.ફી 3000.00<br>ખર્ચ પેટે 500.00<br>કુલ રૂ. 3500.00 | પ્રો.ફી 1000.00<br>ખર્ચ પેટે 500.00<br>કુલ રૂ. 1500.00 |

સીટી સીવીલ/ડીસ્ટ્રીક કોર્ટમાં કેવીએટ દાખલ કરવાની ફી રુા.૧૫૦૦/- પોસ્ટેજનો ખર્ચ થયેલ છે. ખરેખર ખર્ચ + રૂ.300/- અન્ય ખર્ચ પેટે

| A કેટેગરી | B કેટેગરી |
|---|---|
| કુલ રૂ. 5000.00 | કુલ રૂ. 3000.00 |

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા સિવીલ કોર્ટ તથા અન્ય તમામ કોર્ટ માટે દાવા અરજી તથા તકરારી વિવાદો સારૂ નીચે દર્શાવેલ વિગતે ફી ચુકવવામાં આવે છે.

| અ.નં. | કેસનો પ્રકાર | વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનુ અત્રેનું હાલનું ધોરણ |
|---|---|---|
| ૧ | કોર્પોરેશન સામે / ધ્વારા થતા દાવામાં | (અ) નિ..-૫ નિકાલ થયે<br>રૂા.૧૦૦૦/-+ ફીના (૪૦ %) ની મર્યાદામાં ખર્ચ<br>(બ) દાવાનો આખરી નિકાલ થશે<br>રૂા.૨૫૦૦/- + ફીના (૪૦%)ની મર્યાદામાં ખર્ચ |
| ૧(અ) | કોર્પોરેશન સામે થતા દાવા તથા ટેક્ષ અપીલ | વિડ્રો થાય તો<br>(૧) પ્રાથમિક તબકકે જવાબ દાખલ થાય તે પહેલા વિડ્રો થાય રૂા.૪૦૦/-<br>(૨) ડીસમીસ ફોર ડીફોલ્ટ થાય તો રૂા.૪૦૦/-<br>(૩) જવાબ દાખલ કર્યો હોય તો રૂા.૮૦૦/-<br>(૪) મુધ્દા કાઢવાના સ્ટેજ રૂા.૧૦૦૦/-<br>(૫) હુકમ તબકકે રૂા.૨૦૦૦/-<br>ઉપરોકત માટે ફીના (૪૦%) ની મર્યાદામાં ખર્ચ |
| ૨ | સ્મોલકોઝ કોર્ટના દાવા / એસ.ડી.એમ.સામેની / ધ્વારા ફરીયાદો વિગેરે | નિકાલ થયે રૂા.૨૫૦૦/- + ફીના (૪૦ %) ની મર્યાદામાં ખર્ચ |

| | | |
|---|---|---|
| ૩ | કોર્પોરેશન સામે થતી એકઝીકયુશન દરખાસ્ત | નિકાલ થતા સુધીના રૂા.૩૦૦૦/- + ફીના (૪૦ %) ની મર્યાદામાં ખર્ચ |
| ૪ | ગ્રાહક સુરક્ષા ધારા હેઠળની તથા મેજીસ્ટ્રેટ સામેની પી.એફ.એકટ સિવાયની ફરીયાદો તથા પી.પી. એકટ હેઠળના કેસો | નિકાલ થતા સુધીના રૂા.૨૦૦૦/- + ફીના (૪૦ %) ની મર્યાદામાં ખર્ચ |
| ૫ | પી.એફ.એ એકટ હેઠળની ફરીયાદો | નિકાલ થતા સુધીના રૂા.૩૦૦૦/- + ફીના (૪૦ %) ની મર્યાદામાં ખર્ચ |
| ૬ | ડીસ્ટ્રીકટ કોર્ટમાં થતી અપીલ (આંક-૫) ઉપરની અપીલ સહિત | નિકાલ થતા સુધીના રૂા.૩૦૦૦/- + ફીના (૪૦ %) ની મર્યાદામાં ખર્ચ |
| ૬(અ) | કોર્પોરેશન સામે થતી અપીલો | વિડ્રો થાય તો તેમજ DD<br>(૧) પ્રાથમિક તબકકે જવાબ દાખલ થાય તે પહેલા વિડ્રો થાય રૂા.૪૦૦/-<br>(૨) ડીસમીસ ફોર ડીફોલ્ટ થાય તો રૂા.૪૦૦/-<br>(૩) જવાબ દાખલ કર્યો હોય તો રૂા.૮૦૦/-<br>(૪) હુકમ તબકકે રૂા.૨૦૦૦/-<br>(૫) મુધ્દા કાઢવાના સ્ટેજ રૂા.૧૦૦૦/-<br>ઉપરોકત માટે ફીના (૪૦%) ની મર્યાદામાં ખર્ચ |
| ૭ | ગૃપ મેટર તમામ કિસ્સાઓમાં including Tax Appeals by same appellants for same property in succeeding years | ગૃપ મેટરમાં પ્રથમ મેટરમાં ઉપર મુજબ નિશ્ચિત થયેલ ફી અને ત્યારબાદની સંલગ્ન મેટરમાં ઉપર મુજબ નકકી થયેલી ફી ના ૩૦ % રકમ |
| ૮ | પોલીસ સ્ટેશનમાં આપવાની ફરીયાદનો મુસધદો તૈયાર કરવાના | રૂા.૧૦૦૦/- |
| ૯ | નોટીસ તૈયાર કરવાના | રૂા.૫૦૦/- |
| ૧૦ | નોટીસનો જવાબ તૈયાર કરવાના | રૂા.૬૦૦/- |
| ૧૨ | વડોદરા બહારની ગુજરાત રાજયની અન્ય અદાલતોમાં એડવોકેટરને લઇ જવાના હોય ત્યારે | વકીલશ્રીની ફીની માંગણી અન્વયે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની સક્ષમ મંજુરી આધારે |
| ૧૩ | લેબર કોર્ટ, ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના કેસ | રૂા.૨૦૦૦/- + ફીના (૪૦ %) ની મર્યાદામાં ખર્ચ |
| ૧૪ | ગ્રેજયુઇટીના કેસો | રૂા.૨૦૦૦/- + ફીના (૪૦ %) ની મર્યાદામાં ખર્ચ |
| ૧૫ | સુપ્રિમ કોર્ટ, એન.જી.ટી., એન.સી.એલ.ટી. તથા ગુજરાત રાજય બહાર | વકીલશ્રીની ફીની માંગણી અન્વયે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની સક્ષમ મંજુરી આધારે |

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળમાં નામદાર હાઇકોર્ટના પેનલ એડવોકેટની કેટેગરી વાઇઝ નીચે મુજબની ફી ચુકવવામાં આવે છે.

હાઇકોર્ટમાં ઔડા પ્રતિવાદી હોઇ ત્યારે નિયુકત કરેલ વકીલશ્રીને ચુકવવાની ફીનું ધોરણ નીચે મુજબ છે.

| A કેટેગરી | B કેટેગરી | C કેટેગરી | કેવીએટ દાખલ કરવાની ફી |
|---|---|---|---|
| રૂા.૧૧,૦૦૦/- | રૂા.૭૫૦૦/- | રૂા.૪૦૦૦/- | રૂા.૨૦૦૦/- ફી |
| (ખર્ચ સહીત પૂર્ણ ફી) | (ખર્ચ સહીત પૂર્ણ ફી) | (ખર્ચ સહીત પૂર્ણ ફી) | રૂા.૫૦૦/- સ્ટેશનરી વિગેરે ખર્ચ<br>રૂા.૨૫૦૦/- |

હાઇકોર્ટમાં દાવો દાખલ કરવામાં આવે ત્યારે

| A કેટેગરી | B કેટેગરી |
|---|---|
| રૂા.૧૧૦૦૦/- | રૂા.૭૫૦૦/- |
| (ખર્ચ સહીત પૂર્ણ ફી) | (ખર્ચ સહીત પૂર્ણ ફી) |

**તમામ કોર્ટોના દાવાઓમાં જયારે એક જ સરખી દાદ માંગવામાં આવે એટલે કે ગૃપ મેટર હોય ત્યારે નીચે મુજબની ફી ચુકવવામાં આવે છે.**

**પ્રથમ એક દાવા માટે નિયત કરેલ પુરી ફી ચુકવવાની રહેશે. તે પછીના વધારાના પ્રતિ ૧૦ દાવા માટે ૧ દાવો ગણીને તે મુજબની ફીની ચુકવણી કરવામાં આવે છે.**

**નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના ધોરણો અનુસાર નીચે જણાવેલ વિગતે કેસોની કેટેગરી નકકી કરવાપાત્ર થાય છે.**

| A કેટેગરી | B કેટેગરી | C કેટેગરી |
|---|---|---|
| **૧.નિતિવિષયક નિર્ણય**<br>**૨.સૈધાતિક નિર્ણય**<br>**૩.સમયમર્યાદાના કિસ્સા**<br>**૪.તાકીદના મનાઇ હુકમ મેળવવાના કિસ્સા**<br>**૫. કન્ટેમ્પટ ઓફ ધ કોર્ટ**<br>**૬. નાણાકીય બોઝો**<br>**૭. ગૃપ મેટરના કિસ્સામાં** | A કેટેગરી સિવાયના તમામ કેસો | **૧. હાઇ કોર્ટના કેસોમાં** M.C.A. , C.A., L.P.A., A.F.O. **વિગેરે માટે નિયત થયેલ ફીના ૫૦%**<br>**૨. જીલ્લા/તાલુકા કક્ષાની કોર્ટ માટે ઉકત** A, B કેટેગરી માટે ઔડાના ધોરણે<br>૩. ગૃપ મેટર, અગત્યના કરાર બાબત / કાયદાકીય મુધ્દા બાબતે અભિપ્રાય દીઠ |

**ઉપરોક્ત હકીકત જોતા ના.ગુજરાત હાઈકોર્ટના કેસો માટે ઔડાના પેનલના એડવોકેટ પૈકી જે એડવોકેટશ્રીઓએ ઔડાના ધારાધોરણ મુજબ કામ કરવા માટે સંમતિ આપેલ છે તેઓનો તથા સીટી સીવીલ/ડીસ્ટ્રીક કોર્ટમાં વડોદરા મ્યુ. કોર્પોરેશનના પેનલના એડવોકેટ પૈકી જે એડવોકેટશ્રીઓએ વીએમસીના ધારાધોરણ મુજબ કામ કરવા માટે સંમતિ આપેલ છે તેઓને વુડાના ના.ગુજરાત હાઈકોર્ટના/ સીટી સીવીલ/ડીસ્ટ્રીક કોર્ટની પેનલના વકીલ તરીકે સમાવેશ કરવા તથા તેઓને ચુકવવાની થતી ફીનુ ધોરણ નક્કી કરવા નિર્ણય લેવા બોર્ડ સમક્ષ મુધ્દો રજુ કરાતા ચર્ચા-વિચારણાના અંતે નીચે મુજબ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

**ઠરાવ ક્રમાંક (૨૫૬૩) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીના નામદાર સિવીલ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ચાલતા કેસોની કામગીરી કરવા માટે વડોદરા મહાનગર પાલિકા તથા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની કચેરીના ધારા ધોરણ મુજબ કામગીરી કરવા તથા તે મુજબ તેઓને ચુકવવાપાત્ર થતી ફી ચુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા રજુ થયેલ સંમતી મુજબના એડવોકેટ પૈકી વુડાના પેનલના એડવોકેટ તરીકે નિમણૂંક કરવા તથા તેઓની ફી નકકી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સુપ્રત કરવામાં આવી તદઉપરાંત ખાસ કિસ્સામાં સિનીયર કાઉન્સીલરની નિમણૂંક કરવા તથા તેઓને ચુકવવાપાત્ર થતી ફીનુ ધોરણ નકકી કરવા માટે અધ્યક્ષશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને તમામ સત્તા સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**મુધ્દા નંબર (૫) : માન. મુખ્ય મંત્રીશ્રી ગૃહ યોજના અંતર્ગત વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા મોજે સેવાસી તથા વેમાલી ખાતેની આવાસ યોજનામાં હપ્તા ભરવાની મુદતમાં વધારો કરવા બાબત.**

માન.મુખ્ય મંત્રીશ્રી ગૃહ યોજના અંતર્ગત વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા મોજે સેવાસી તથા વેમાલી ખાતેની આવાસ યોજનામાં જે લાભાર્થીઓ ધ્વારા મકાનની કબજાહકકની રકમ નિયત સમય મર્યામાં જમા કરાવેલ નથી તેઓને સત્તામંડળની તા.૨૦-૦૯-૨૦૧૮ ની ૨૩૭ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક (૨૫૦૧) થી કુલ-૧૩ લાભાર્થીઓને બાકી પડતી કબજા હકકની રકમ તા.૩૦-૧૧-૨૦૧૮ સુધીમા જમા કરાવવા માટે મુદત વધારી આપવા ઠરાવવામાં આવેલ તે અન્વયે કુલ-૩ લાભાર્થીઓએ કબજા હકકનીબાકી પડતી રકમ નિયત સમય મર્યાદામાં જમા કરાવી દીધેલ છે. જયારે કુલ-૧૦ લાભાર્થીઓ નિયત સમય મર્યાદામાં કબજા હકકની રકમ જમા કરાવી શકેલ નથી.

ઉપરોકત લાભાર્થીઓ પૈકી કુલ-૩ લાભાર્થીઓએ કબજા હકકની બાકી પડતી રકમ જમા કરાવવા મુદતની માંગણી કરેલ છે. જેની વિગતે નીચે મુજબ છે.

| નં. | લાભાર્થનું નામ | ફાળવેલ મકાનની વિગત | બાકી પડતી રકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | કુંમાવત સંતાષકુમાર મનહરલાલ | Vemali<br>LIG-2, B-507 | કબજાહકકનીરકમરૂ.૮,૫૦,૦૦૦/-<br>મેન્ટેનન્સ રૂ. ૫૦,૦૦૦/-<br>કુલ રૂ.૯,૦૦,૦૦૦/- | એક્ષીસ બેક ધ્વારા મજુર થયેલ લોનની રકમ રૂા.૮૧૫૦૦૦/-ના ચેકની ઝેરોક્ષ રજુ કરેલ છે. |
| ૨ | દેવીપૂજક રાજુભાઈ ધીરુભાઈ | Vemali<br>LIG-2, A-706 | કબજાહકકનીરકમ રૂા.૭,૬૫,૦૦૦/-<br>મેન્ટેનન્સ રૂા. ૫૦,૦૦૦/-<br>કુલ રૂા.૮,૧૫,૦૦૦/- | બાકી પડતી તમામ રકમ ભરવા માટે સમતી આપેલ છે. |
| ૩ | મકવાણા સજય જગદીશભાઈ | Sevasi<br>LIG-1, A-203 | કબજાહકકનીરકમ રૂા.૧,૨૫,૦૦૦/-<br>મેન્ટેનન્સ રૂા. ૫૦,૦૦૦/-<br>કુલ રૂા.૧,૭૫,૦૦૦૦/- | બાકી પડતી તમામ રકમ ભરવા માટે સમતી આપેલ છે. |

આ ઉપરાત બાકીના લભાર્થીઓએ પણ કબજાહકકની બાકી પડતી રકમ જમા કરાવવા માટે જો મુદત વધારી આપવામા આવે તો તેઓ પણ તે રકમ ભરવા સમત છે તેમ મૌખિક રીતે અત્રેની કચેરીને જાણ કરેલ છે.

સબબ, ઉપરોકત વિગતો જોતા મોજે સેવાસી તથા વેમાલી ખાતેની આવાસ યોજનામાં જે લાભાર્થીઓ ધ્વારા મકાનની કબજાહકકની રકમ નિયત સમય મર્યામાં જમા કરાવી શકેલ નથી તેઓને બાકી પડતી રકમ જમા કરાવી આપવાની મુદત વધારવા માટે નિર્ણય લેવા માટે ચર્ચા વિચારણા થતા ૧૦ લાભાર્થીઓ પૈકી ઉપર જણાવેલ કુલ-૩ લાભાર્થીઓએ બાકી પડતી કબજા હકકની રકમ જમા કરાવવા માટે મુદતની માંગણી કરેલ છે તેઓને તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં બાકી પડતી કબજા હકકની રકમ જમા કરાવવા માટે મુદત વધારી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક ( ૨૫૬૪ )</u> :** માન. મુખ્ય મંત્રીશ્રી ગૃહ યોજના અંતર્ગત વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા મોજે સેવાસી તથા વેમાલી ખાતેની આવાસ યોજનામાં કુલ-૧૦ લાભાર્થીઓની કબજા હકકની રકમ જમા કરાવવાની બાકી પડે છે તે પૈકી ઉપરોકત કુલ-૩ લાભાર્થીઓએ કબજા હકકની રકમ જમા કરાવવા માટે મુદત મળવા માંગણી કરેલ છે તેઓને તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં બાકી પડતી કબજાહકકની રકમ જમા કરાવવા મુદત વધારી આપવા તથા બાકીના ૭ (સાત) લાભાર્થીઓની ફાળવણી રદ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૬) :** મોજે વરણામાં તા.વડોદરાની ટ્રાન્સપોર્ટ નગર માટે સંપાદન કરેલ જમીનનુ વધુ વળતર ચુકવવાના કામે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અપીલ દાખલ કરવા બાબત.

મોજે વરણામાં તા.વડોદરાની ટ્રાન્સપોર્ટ નગર માટે અનામત રાખેલ ૧૧૬૯૭૨ ચો.મી. વાળી જમીન વળતર કેસ નં.૧૧૨/૯૬, તા.૩૧/૦૧/૨૦૦૧ ના એવોર્ડથી સંપાદન કરવામાં આવેલ છે. સવાલવાળી જમીનનો કબજો તા.૧૪/૦૩/૨૦૦૧ ના રોજ જમીન માલીકો ધ્વારા વાંધા સાથે સુપ્રત કરવામાં આવેલ છે.

સવાલવાળી જમીનનુ એવોર્ડ મુજબ પ્રતિ હેકટરના રૂા.૩૪,૫૦૦/-(પ્રતિ ચો.મી.રૂા.૩.૪૫) પ્રમાણે ૧૧૬૯૭૨ ચો.મી. જમીનનુ વળતર તેના ઉપર ૩૦ % સોલેશ્યમ, ૧૨ % વધુ વળતરની રકમ, તેમજ સદર જમીનમાં આવેલ ઝાડ, બાંધકામ વિગેરેનુ મળી કુલ વળતરની રકમ રૂા.૬,૯૨,૪૦૯/- સંબંધિત જમીન માલિકોને ચુકવવામાં આવેલ છે. જેનાથી નારાજ થઇ મૂળ જમીન માલીકોએ વધુ વળતર મેળવવા માટે નામદાર વડોદરાના સી.જજ(સીડી.સાહેબ)ની કોર્ટમાં લેન્ડ રેફરન્સ નં.૮૦/૨૦૦૨ થી ૧૦૦/૨૦૦૨ થી દાવો દાખલ કરેલ છે. જે અન્વયે નામદાર કોર્ટે પ્રતિ ચો.મી.ના રૂા.૧૯૮/- લેખે વળતર ચુકવવા અંગેનો તા.૨૯/૧૧/૨૦૧૮ ના રોજ ચુકાદો જાહેર કરેલ છે. તે અન્વયે એવોર્ડ મુજબ ચુકવેલ રકમ રૂા.૩.૪૫ બાદ કરી રૂા.૧૯૪.૫૫ વધુ વળતરની રકમ ચુકાદાની તારીખ સુધી વ્યાજ સહિત ચુકવવાની થાય છે.

ઉપરોકત બાબતે વુડાની પેનલના એડવોકેટશ્રી દિલીપ નાણાંવટી તેમના તા.૨૧/૦૧/૨૦૧૮ના પત્રથી સદર લેન્ડ રેફરન્સ નં.૮૦/૨૦૦૨ થી ૧૦૦/૨૦૦૨ ના તા.૨૯/૧૧/૨૦૧૮ ના ચુકાદાથી વાદીની વિવાદ અરજી અંશતઃ ગ્રાહય રાખવામાં આવેલ હોઇ, નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અપીલ દાખલ કરવાપાત્ર થાય છે તેવો અભિપ્રાય આપેલ છે.

અત્રેથી સદર બાબતે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો અભિપ્રાય મંગાવતા તેઓએ તા.૩૧/૦૧/૨૦૧૯ ના પત્રથી સરકારી વકીલશ્રીનો અભિપ્રાય મુજબ તેમજ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીના મંતવ્ય મુજબ નામદાર વડોદરાની સીવીલ કોર્ટના ચુકાદા સામે અપીલ ન કરવા તથા નામદાર કોર્ટનો ચુકાદો સ્વીકારપાત્ર જણાય છે તેવો અભિપ્રાય આપેલ છે.

સબબ, ઉપરોકત વિગતે મોજે વરણામા, તા.જી.વડોદરાની ટ્રાન્સપોર્ટ નગર માટે સંપાદન કરેલ જમીન સામે થયેલ લેન્ડ રેફરન્સ નં.૮૦/૨૦૦૨ થી ૧૦૦/૨૦૦૨ ના તા.૨૯/૧૧/૨૦૧૮ ના ચુકાદા સામે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અપીલ દાખલ કરવી કે કેમ ? તે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૫૬૫):** મોજે વરણામાં તા.વડોદરાની ટ્રાન્સપોર્ટ નગર માટે સંપાદન કરેલ જમીનનુ વધુ વળતર ચુકવવાના કામે નામદાર સીવીલ કોર્ટના લેન્ડ રેફરન્સ નં.૮૦/૨૦૦૨ થી ૧૦૦/૨૦૦૨ ના તા.૨૯/૧૧/૨૦૧૮ ના ચુકાદા સાથે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અપીલ દાખલ કરવા તેમજ આ બાબતે નામદાર હાઇકોર્ટ તરફથી જે કોઇ ચુકાદો આવે તે માન્ય રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૭) : મોજે ગોત્રી તા.જી.વડોદરાની રે.સ.નં.૫૨૮,૫૩૬, ૫૪૨, ૫૩૭,૫૩૮/૧,૫૫૩ વાળી જમીન ના વધુ વળતર મેળવવાના કામે ના.ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ ફ્સ્ટ અપીલ નં.૩૮૩૪/૨૦૧૮ ના બચાવ અંગે એડીશનલ એડવોકેટ જનરલની નિમણૂક બાબત.**

મોજે ગોત્રીના રે.સ.નં.૫૨૮,૫૩૬, ૫૩૭, ૫૩૮/૧, ૫૪૨, ૫૫૩ પૈકીની કુલ-૨૧૫૫૯ ચો.મી. જમીન સંપાદન કરવામા આવેલ. જેના મૂળ માલીક શ્રીમતી ડાહીબેન પુરસોત્તમભાઈ પટેલ અને અન્વયે વધુ વળતર લેવાના કામે નામદાર વડોદરાના પ્રિન્સિપલ સિનીયર સિવિલ જજની કોર્ટમાં લેન્ડ રેફરન્સ નં.૧૩૨૪/૧૯૯૫ થી દાવો દાખલ કરેલ જેનો ચુકાદો તા.૧૧-૦૫-૨૦૧૮ થી વાદીની તરફેણમાં આવેલ હોય, જે પરત્વે વધુ વળતરની રકમ અંદાજે રૂા.૨૦.૫૬/- કરોડ મુળ જમીન માલીકને ચૂકવવાના થાય છે. જેથી સત્તામંડળની કચેરીને, **સરકારશ્રીને તથા વી.એમ.સી.ને** ભવિષ્યમાં આર્થિક નુકશાન ન થાય તે અન્વયે સદર કેસ ના.ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં.(FA25058/2018) ની ફ્સ્ટ અપીલ:૩૮૩૪/૨૦૧૮ તા.૨૬-૦૯-૨૦૧૮ થી વડોદરાના સીવીલ જજશ્રીના તા.૧૧-૦૫-૨૦૧૮ ના ચુકાદા સામે ના.ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલ છે.

સદરહું કેસોમાં વુડા તર્ફે નામદાર હાઈકોર્ટમાં અસરકારક રજુઆત કરવા માટે વુડાની પેનલના એડવોકેટશ્રી ના તા.૨૩-૦૧-૨૦૧૯ ના પત્રથી સદર કેસમાં વુડા તર્ફે મદદરૂપ થવા અંગે એડીશનલ એડવોકેટ જનરલશ્રી પ્રકાશ.કે.જાની સલાહ લેવા નિમણૂંક કરવા અભિપ્રાય આપેલ છે. તો સદર કેસ બાબતે વુડાની પેનલના એડવોકેટશ્રી હેમંત મુન્શો સાથે પરામર્શ કરી, આગામી સુનાવણીની મુદતમાં વુડા તર્ફે હાજર રહી બચાવ કરવા અંગે એડવોકેટ જનરલશ્રી પ્રકાશ. કે.જાની ની નિમણૂક કરવા તથા તે અંગે તેઓની વકીલાત ફીની રકમનું ચુકવણુ કરવા અંગે **ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબની કાર્યવાહી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

**ઠરાવ ક્રમાંક ( ૨૫૬૬ ) :** મોજે ગોત્રી તા.જી.વડોદરાની રે.સ.નં.૫૨૮, ૫૩૬, ૫૪૨, ૫૩૭, ૫૩૮/૧, ૫૫૩ વાળી જમીનના વધુ વળતર મેળવવાના કામે નામદાર સીવીલ કોર્ટના લેન્ડ રેફરન્સ નં.૧૩૨૪/૯૫ ના તા.૧૧/૦૫/૨૦૧૮ ના હુકમ સામે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ફર્સ્ટ અપીલ નં.૩૮૩૪/૨૦૧૮ દાખલ કરવામાં આવેલ તે કામે અત્રેની કચેરીના પેનલ એડવોકેટશ્રી હેમંત મુન્શોના અભિપ્રાય મુજબ સદરહુ કેસમાં વુડા તરફે હાજર રહી બચાવ કરવા અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટના એડીશનલ એડવોકેટ જનરલશ્રીની નિમણૂંક કરવા જણાવેલ તે અન્વયે સદરહું કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટમાં કેસની ગંભીરતા ધ્યાને લઇ એડીશનલ એડવોકેટ જનરલશ્રી પ્રકાશ કે. જાનીની નિમણૂંક કરવા તથા આ અંગે જે કોઇ એડવોકેટ ફી ચુકવવાની થાય તેની ચુકવણી કરવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૮) : મોજે અટલાદરા તા.જી.વડોદરા સ.નં.૧૨/૧ વાળી જમીનો સંપાદનમાંથી મુકત કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તમંડળની તા.૨૫/૦૧/૮૪ થી ૨૫/૧૧/૯૬ સુધીની અમલી વિકાસ યોજનામાં મોંજે અટલાદરા સન.૧૨+૧૩/૧,૪૩,૪૪,૪૫,૪૬ પૈ.૪૯,૫૦ વાળી જમીનો સંપાદન કરવા અંગેનો વળતર કેસ નંબર ૧૦/૯૧ નો અંવોર્ડ તા.૨૮/૧૨/૯૪ ના રોજ જાહેર કરવામાં આવેલ હતો અને એવોર્ડ ની રકમ રૂ.૪૩,૪૫,૮૪૨/- નુ ચુકવણુ કરવામા આવેલ હતુ.સદર સનં પૈકી સનં ૧૨/૧, ૪૪, ૪૫ ના ખેડુત ખાતેદારોએ કોઈ પણ જાતના વાધાં સિવાય વળતર ની રકમ સ્વીકારી તા.૧૬/૦૧/૯૫ ના રોજ વુડાને જમીનો નો કબજો સુપ્રત કરેલ હતો અને ત્યાર થી આ જમોનો નો કબજો વુડા પાસે જ છે.ગામ દફતરે ૭/૧૨ માં તા.૧૨/૧૦/૯૯ થી વુડા નુ નામ દાખલ થયેલ છે.

ત્યાર બાદ જમીન ધારકશ્રી ગોરધન જે પટેલ અને બીજાઓએ એવોર્ડથી નારાજ થઈ ના.હાઈકોર્ટમાં દાખલ કરેલ અને નાં હાઈકોર્ટે સ્પે.સીએ.નં ૮૧૪/૯૫ ના હુકમથી વળતર કેસ.નં.૧૦/૯૧ તા.૨૮/૧૨/૯૪ નો એવોર્ડ સમય મર્યાદામાં થયેલ ન હોવાના મુધ્દા પર ટેકનીકલ કારણોસર રદ થયેલ હતો.

સવાલવાળી જમીનોની વુડાને જરૂરીયાત હોઈ અત્રેના તા.૦૪/૧૦/૯૫ ના પત્રથી સદર જમીનો સંપાદન કરવા પુનઃ દરખાસ્ત કરવામા આવેલ હતી.

મહેસુલ વિભાગના તા.૦૫/૦૨/૯૬ ના પત્ર થી વુડાને જરૂરીયાત હોય તો સદર કેસમા સદર કેસ મા કલમ(૪)નુ જાહેરનામુ બહાર પાડવા હરકત સરખુ નથી તેમ જણાવતા સદર કેસમાં કલમ (૪)તથા કલમ (૬) ના જાહેરનામા પસિધ્ધ થયેલ હતા તેમજ ઉપરોક્ત દર્શાવેલ જમીનો પૈકી સર્વે.નં.૧૨/૧,૪૪, તથા ૪૫ ના કબજા વુડા પાસે હોવાથી તેટલા જ સર્વે નંબરો પુરતો નવો કેસ જમીન સંપાદન કાયદા નીચે કરવા મહેસુલ વિભાગના તા.૧૭/૧૨/૯૯ ના પત્ર ક્રમાંક જસં-વડોદરા-૨૦૯૯-૭૩-એવોર્ડ થી મંજુરી આપેલ છે તેવી જાણ ખાસ જમીન સંપાદન અધિકારી ને કરતા સવાલ વાળી જમીનો નો એવોર્ડ વળતર કેસ નં ૪૬/૯૬ તારીખ ૨૪/૦૯/૯૯ ના રોજ જાહેર કરવામા આવેલ હતો.તેમજ વળતરની કુલ રકમ રૂા.૧૭,૮૩,૧૮૭ માંથી અગાઉના ૧૦/૯૧ નાં એવોર્ડ સમયે ચુકવેલ વળતર ની રકમ રૂા.૧૩,૮૮,૬૭૧ બાદ કરી બાકી ની રકમ રૂા.૩,૯૪,૫૧૬ નુ ચુકવણું તા.૨૪/૦૯/૯૯ ના રોજ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીને કરવામાં આવેલ છે.

ઉપરોક્ત એવોર્ડ સામે સર્વે નં.૧૨/૧ ના જમીન ધારકે નામદાર હાઈકોર્ટમાં સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૯૪૪૮/૯૯ દાખલ કરેલ. જે પીટીશન એવોર્ડ સમય મર્યાદામાં થવાના કારણે નામદાર હાઈકોર્ટ ના તા.૧૦/૦૪/૨૦૦૦ ના હુકમ થી કાઢી નાખવામા આવેલ અને વુડાની તરફેણમાં ચુકાદો આવેલ છે.

દરમ્યાનમાં નાયબ સચિવશ્રી મહેસુલ વિભાગના ૧૬/૮/૨૦૦૨ ના પત્રથી કલેકટરશ્રી ને જણાવેલ છે કે જમીન સંપાદન કાયદાની કલમ-૪૮ ની જોગવાઈઓ મુજબ કલમ-૧૬ અને ૧૭ હેઠળ જમીનનો કબજો કાયદા અનુસાર લેવા માં આવેલ ન હોય તો જમીનો મુકત કરી શકાય છે તેમ જણાવી આ કેસમા વળતર કેસ નં.૪૬/૯૬ માં તા.૨૪/૦૯/૯૯ ના એવોર્ડ નાં સંદર્ભ માં કોઈ કાયદેસર નો કબજો લેવાયેલ ન હોય જમીન મુકત કરવા સૈધાંતીક નિર્ણય લીધેલ છે.તે અન્વયે ખાસ જમીન સંપાદન અધિકારી એ તા.૧૬/૦૮/૨૦૦૦ ના પત્રથી સ.નં.૧૨/૧ ના અરજદારે લીધેલ વળતર ની વ્યાજ સહિત ની રકમ રૂા.૧૯,૧૨,૪૯૯ સરકારશ્રી માં પરત જમા કરાવેલ હોઈ વુડા ને સદર રકમ પરત મેળવી લેવા જણાવેલ છે. જે રકમ વુડાએ સ્વીકારેલ નથી.

- સત્તામંડળની તા.૨૧/૦૨/૨૦૦૩ ની ૧૭૯ મી બેઠક ના ઠરાવ ક્રમાંક (૧૬૪૬) થી મોજે અટલાદરા સ.નં.૧૨/૧ વાળી જમીન સંપાદનમાંથી મુકત નહી કરવા અંગે અત્રેના પત્રનં. યુડીઅ/એડીએમ / વશી/૨૮/૦૩ તા.૦૬/૦૧/૨૦૦૩ થી સરકારશ્રીમાં રજુઆત કરવામાં આવેલ છે. આ અંગે સરકારશ્રીમાંથી નિર્ણય થઈ આવે તે મુજબ કાર્યવાહી કરવા ઠરાવવામાં આવેલ.

- ઉપરોકત ઠરાવ અન્વયે અત્રે ના પત્ર નં.યુડીએ/એડીએમ/૧૮૧૭/ ૨૦૦૩ તા.૨૦/૦૫/૨૦૦૩ થી સવાલ વાળી જમીન બાબતે સરકારશ્રી માંથી નિર્ણય થઈ આવે તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે તેમ કલેકટરશ્રી, વડોદરા ને જણાવેલ.
- સવાલવાળી જમીનો સંપાદનમાથી મુકત નહી કરવા મહેસુલ વિભાગમાં તા.૦૪/૦૪/૨૦૦૩ તથા ૨૦/૦૧/૨૦૦૫ ના પત્રથી જણાવવામાં આવેલ છે. તેમજ સદર જમીન સંપાદન માંથી મુકત કરવા પાત્ર નથી તેમ અત્રેના પત્ર નં.યુડીએ /જમીન/૧૦/૨૦૦૬ તા.૦૫/૦૧/૨૦૦૬ થી નાયબ સચિવશ્રી ની રૂબરૂ મુલાકાત લઈ લેખીત માં જાણ કરવામાં આવેલ.
- મહેસુલ વિભાગના પત્ર ક્રમાંક જવડ/૨૦૦૧/એમ આર/૧૮/ધ તા.૧૯/૦૧/૨૦૦૬ થી સ.નં.૧૨/૧ સીવાય ના સ.નં.૪૪,૪૫ ની જમીનો ની વુડા ને જરૂર છે કે કેમ તે દિન બે માં જાણ કરવા પત્ર મળતા આ અંગે ઉપરોકત વિગતો ધ્યાને લઈ અત્રેના પત્ર નંબર યુડીએ/એડીએમ/૩૦/૦૬, તા.૨૩/૦૧/૨૦૦૬ થી સવાલવાળી જમીનો લેન્ડ ડેવલપમેન્ટ સ્કીમના કામે જરૂરીયાત હોઈ સંપાદન માંથી મુકત નહી કરવા અંગે મહેસુલ વિભાગ ને જાણ કરવામાં આવેલ.
- સત્તામંડળની તા.૩૧/૦૧/૦૬ ની ૧૯૧ ની બેઠકના ઠરાવ ક્રમાંક (૧૮૧૦)થી વુડાની લેન્ડ ડેવલોપમેન્ટ સ્કીમ માટે સંપાદન કરેલ સંર્વે નં.૧૨/૧, ૪૪ તથા ૪૫ વાળી જમીનો ઉપરોકત હકીકત ધ્યાને લઈ સંપાદન માંથી મુકત નહી કરવા માટે સરકારશ્રી માં રજુઆત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ.
- અત્રેના પત્ર નં.યુડીએ/એડીએમ/૪૨/૨૦૦૬ તા.૦૩/૦૨/૦૬થી સરકારશ્રી ના મહેસુલ વિભાગમા સવાલવાળી જમીનો સંપાદનમાંથી મુકત કરવા પાત્ર થતી નથી તે જણાવેલ.
- ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીના તા.૨૬/૦૭/૨૦૦૬ ના પત્ર નં. એલ. એ. કયુ/ વંશી/ ૨૨૭/ ૨૦૦૬ થી મોજે અટલાદરા સ.નં.૧૨/૧,૪૪,૪૫ વાળી જમીનો સંપાદનમાંથી મુકત કરવા માટે સરકારશ્રી એ તા.૦૭/૦૫/૨૦૦૬ ના હુકમ નં.જવડ/૨૦૦૧/એમ.આર-૧૮-ધ થી સૈધાતિક નિર્ણય લીધેલ હોઈ સરકારશ્રી ના સદર પત્રમાં જણાવ્યા અનુસાર અરજદારે તા.૧૬/૦૧/૯૫ ના રોજ લીધેલ વળતરની રકમ રૂા.૪,૦૨,૮૫૭ તથા તા.૧૬/૦૬/૨૦૦૬ સુધીના ૧૨% લેખે વ્યાજની રકમ રૂા.૫,૫૧,૯૦૦/- મળી કુલ રકમ રૂા.૯,૫૪,૪૪૭/- તીજોરીમાં જમાં કરાવેલ હોઈ સદર રકમ મેળવી લેવા જણાવેલ.
- ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીના તા.૮/૮/૨૦૦૬ થી મામલતદારશ્રી ને ઉદ્દેશીને લખેલ પત્ર જેની નકલ અત્રે મોકલાવી સદર જમીનનો કબજો તાત્કાલીક મૂળ જમીન માલીકને સુપ્રત કરવા જણાવેલ સદર બાબત નિતિ વિષયક હોય બોર્ડનો નિર્ણય થતા સુધી ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીને સદર કાર્યવાહી સ્થગિત કરવા અત્રેના પત્ર નં. યુડીએ/એડીએમ/૯૬૪/૦૬ તા.૧૭/૮/૦૬ થી જણાવેલ.
- અત્રેના તા. ૧૩/૧૦/૨૦૦૬ ના અ.સ. પત્રથી સદર બાબતે પુનઃવિચારણા માટે અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ તથા શહેરી વિકાસ વિભાગ ને તથા કલેકટરશ્રી, વડોદરા ને દરખાસ્ત કરવામાં આવેલ.
- અત્રેના તા. ૧૩/૧૦/૨૦૦૬ ના અ.સ.પત્ર અન્વયે સરકારશ્રીના મહેસુલ વિભાગના તા. ૦૨/૦૧/૨૦૦૭ ના અધ્યક્ષશ્રી વુડાને ઉદેશીને લખેલ પત્રથી તા. ૧૭/૭/૨૦૦૬ ના રોજ સદર જમીનો સંપાદનમાંથી મુકત કરવા અંગેનુ જાહેરનામુ કાયદાની જોગવાઇ ને અનુરૂપ હોઇ અત્રેની રજુઆત પરત્વે વિચારણા કરવાની રહેતી નથી તેમ જણાવેલ.
- અત્રેના પત્ર નં.યુડીએ/એડીએમ/૧૨૫૯/૨૦૦૬ તા.૨૭/૦૯/૨૦૦૬થી તલાટીશ્રી અટલાદરાને ગામદફતરે તા.૦૭/૦૯/૨૦૦૬ ના રોજ નોંધ નં.૨૯૭૬ થી પાડવામાં આવેલ ફેરફાર નોંધ સામે વાંધો રજુ કરી સરકારશ્રીમાંથી કોઈ નિર્ણય ન થાય ત્યા સુધી નોંધ પાડવી કે મંજુર કરવી નહી તેમ જણાવેલ છે.

- ઉપરોકત વિગતે ગામદફતરે પડેલ ફેરફાર નોંધ નં. ૨૯૭૬ તાઃ ૭/૯/૦૬, મામલતદારશ્રી વડોદરા શહેરની કોર્ટમાં આરટીએસ કેસ નં. ૪૦/૨૦૦૬ તાઃ ૧૭/૦૨/૨૦૦૭ ના રોજ ઠરાવ કરી અત્રેની કચેરી તરફથી લેવામાં આવેલ વાંધા અરજ ગ્રાહય રાખેલ નથી. નોંધ મંજુર કરેલ છે.
- વુડાને મામલતદારશ્રી શહેર વડોદરાએ તાઃ ૧૭ /૦૨ /૨૦૦૭ ના રોજ કરેલ ઠરાવ માન્ય ન હોઈ નાયબ કલેકટર અને પ્રાંત વડોદરાની કચેરીમાં તાઃ૨૧ / ૦૩/ ૨૦૦૭ ના રોજ અપીલ દાખલ કરવામાં આવેલ.
- તેમજ અત્રેના પત્ર નં.યુડીએ/એડીએમ/૭૨/૦૭ તાઃ ૨૩/૦૩/૦૭ થી શહેરી વિકાસ વિભાગમાં પણ જરૂરી હુકમો મેળવી આપવા માટે દરખાસ્ત કરેલ છે.
- નાયબ કલેકટરશ્રીના તા. ૨૩/૧૦/૨૦૦૮ ના હુકમ થી વુડા ની અરજ નામંજુર કરવામાં આવેલ છે અને આ કામે મામલતદારશ્રી વડોદરા એ આરટીએસકે/૪૦/૪૬ ના કામે તા. ૧૭/૦૨/૨૦૦૭ ના રોજ નોંધ નંબર ૨૯૭૬ મંજુર કરવા કરેલ હુકમ કાયમ રાખવા ઠરાવેલ.
- વુડા ને નાયબ કલેકટરશ્રી નો ઉકત ઠરાવ માન્ય ન હોઈ વુડા ધ્વારા કલેકટરશ્રી ની કોર્ટમાં તા. ૨/૧/૨૦૦૯ ના રોજ અપીલ દાખલ કરવામાં આવેલ.
- કલેકટરશ્રી ના તા.૯/૯/૨૦૧૦ ના હુકમથી અત્રેની અપીલ નામંજુર કરી નાયબ કલેકટરશ્રી વડોદરા ના હુકમ નં આરટીએસ/અપીલ/૨૧/૨૦૦૭ તા.૨૩/૧૦/૨૦૦૮ કાયમ રાખવા હુકમ કરેલ છે.
- વુડા બોર્ડ ની તા.૧૯/૧૧/૨૦૧૦ બેઠકમાં રજુ થતાં ઠરાવ ક્રમાંક (૨૦૩૩) થી આ બાબતે સરકારશ્રી માં અપીલ કરવા તેમજ સવાલવાળી જમીનો વુડા પાસે રહે તે માટે કરેલ દરખાસ્ત અન્વયે ફરીથી દરખાસ્ત કરવા ઠરાવવામાં આવેલ છે.
- અત્રેના પત્ર નં. યુડીએ/જમીન/૧૯૪૦/૨૦૧૦, તા.૨૦-૧૧-૨૦૧૦ થી વુડાની પેનલ પરના એડવોકેટશ્રી હેમંતભાઈ મુંશો મારફતે અગ્રસચિવ,મહેસુલ વિભાગ(વિવાદ), અમદાવાદ ખાતે તા. ૦૧-૧૨-૨૦૧૦ થી અપીલ દાખલ કરેલ છે.
- તા.૨૫-૧૧-૨૦૧૦ ના પત્ર નં.યુડીએ/જમીન/૨૧૬૭/૨૦૧૦,તા.૨૫-૧૧-૨૦૧૦ થી સવાલવાળી જમીનનો વુડા પાસે રહે તે માટે વુડા બોર્ડની તા.૧૯-૧૧-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક(૨૦૩૩) અન્વયે સરકારશ્રીના હુકમો મેળવી આપવા શહેરી વિકાસ વિભાગમાં દરખાસ્ત કરેલ છે.
- શહેરી વિકાસ વિભાગના તા.૧૮-૧૧-૨૦૧૧ ના પત્રથી કલેકટરશ્રીના તા.૦૯-૦૯-૨૦૧૦ ના હુકમ સામે વુડા ધ્વારા સચિવશ્રી (વિવાદ) મહેસુલ વિભાગની કોર્ટમાં અપીલ/રીવીઝન અરજ કરેલ છે કેમ અને જો તેમ ન થયેલ હોય તો તાત્કાલિક કાર્યવાહી કરી વિભાગને મોકલી આપવા જણાવતા અત્રેના તા.૧૯-૧૨-૨૦૧૧ ના પત્રથી આ બાબતે સચિવશ્રી (વિવાદ) મહેસુલ વિભાગની કોર્ટમા તા. ૦૧-૧૨-૨૦૧૦ થી દાખલ કરેલ અપીલની નકલ મોકલી આપેલ છે.
- કલેકટરશ્રી વડોદરાના તા.૨૩-૦૫-૨૦૧૨ ના પત્ર થી સવાલવાળી જમીનને અમલી યોજના મુજબ રહેણાંકના હેતુ માટે બિનખેતીની પરવાનગી આપી શકાય કે કેમ તે અંગેનો અભિપ્રાય માગેલ.
- નં.યુડીએ/પ્લાન-૩/૩૦૫/૨૦૧૨,તા.૦૪-૦૬-૨૦૧૨ થી સદર જમીન બાબતે વુડા ધ્વારા સચિવશ્રી (વિવાદ)મહેસુલ વિભાગની કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલ હોય તે અંગેનો નિર્ણય આવ્યેથી અભિપ્રાય આપવામાં આવશે તેમ કલેકટરશ્રી વડોદરાને જણાવેલ છે.
- કલેકટરશ્રી,વડોદરાના હુકમ નં જમીન/ડી/કલમ-૬૫/વશી/૫૧૦૯/૨૦૧૨ તા. ૦૮/૦૮/૨૦૧૨ થી સ.નં ૪૪ તથા ૪૫ ની જમીનને બીનખેતીના રહેણાંકના હેતુ માટે પરવાનગી આપવામાં આવેલ છે.

ઉકત જમીનો અંગે સચિવશ્રી (વિવાદ) મહેસુલ વિભાગની કાર્ટમાં તા.૦૧/૧૨/૨૦૧૦ થી અપીલ દાખલ કરેલ જેનો નિકાલ તા.૨૦/૦૭/૨૦૧૩ થી ફેરફાર નોંધ નં.૧૯૭૬ રદ કરવા માટેની અરજદાર વુડાની રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી. જેથી વુડાની ફેર તપાસની અરજી ગ્રાહય રાખવામાં આવેલ નથી.

સબબ, વિગતે

૧. સચિવશ્રી (વિવાદ) મહેસુલ વિભાગની કોર્ટમાં તા.૦૧/૧૨/૨૦૧૦ થી અપીલ દાખલ કરેલ જેનો નિકાલ તા.૨૦/૦૭/૨૦૧૩ થી ફેરફાર નોંધ નં.૧૯૭૬ રદ કરવા માટેની અરજદાર વુડાની રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી. જેથી વુડાની ફેર તપાસની અરજી ગ્રાહય રાખવામાં આવેલ નથી. જેની સામે અત્રેથી કોઈ કાર્યવાહી થયેલ જણાતી નથી તો તેની સામે અપીલ દાખલ કરવી કે કમ ?

૨. મોજે અટલાદરાના રે.સ.નં.૧૨/૧ ની ૧૧૭૩૬ ચો.મી. વાળી જમીનના મૂળ માલીક સવાલવાળી જમીનમાં વાણિજય હેતુ માટે કલેકટરશ્રી,વડોદરાના તા.૨૦/૧૧/૨૦૧૮ના પત્ર નં.એનએ/ક.૬૫/વશી/૩૨૯૭/ ૨૦૧૮ થી સવાલવાળી જમીનની વિકાસ પરવાનગી આપવાના કામે હરકત સરખુ છે કે કેમ ? તે અંગે બિનખેતીનો અભિપ્રાય માંગેલ હોય તો આપવા કે કેમ ?

૩. મોજે અટલાદરાના રે.સ.નં.૧૨/૧ ની ૧૧૭૩૬ ચો.મી. વાળી જમીન વુડાને જરૂરીયાત છે કે કેમ ?

ઉપરોકત વિગતે મુધ્દા નં.૧ થી ૩ અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબની કાર્યવાહી કરવાનુ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૫૬૭)** : મોજે અટલાદરા તા.જી.વડોદરાના રે.સ.નં.૧૨/૧ વાળી જમીનો સંપાદનમાંથી મુકત કરવાના કામે ઉપરોકત મુધ્દા નં.૧ થી ૩ અંગે નીચે મુજબની કાર્યવાહી કરવા સર્વાનુમંતે ઠરાવવામાં આવ્યુ.

(૧) સચિવશ્રી (વિવાદ) મહેસુલ વિભાગની કોર્ટમાં તા.૦૧/૧૨/૨૦૧૦ થી અપીલ દાખલ કરેલ જેનો નિકાલ તા.૨૦/૦૭/૨૦૧૩ થી ફેરફાર નોંધ નં.૧૯૭૬ રદ કરવા માટેની અરજદાર વુડાની રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી. જેથી વુડાની ફેર તપાસની અરજી ગ્રાહય રાખવામાં આવેલ નથી. સદરહુ હુકમમાં અત્રેથી અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, મહેસુલ વિભાગ ગાંધીનગરની કચેરીને અત્રેની કચેરીના પત્ર નં.યુડીએ/એડીએમ/૨૧૬૭/૨૦૧૦ તા.૨૫/૧૧/૨૦૧૦ થી જરૂરી માર્ગદર્શન માંગવામાં આવેલ તે અન્વયે સરકારશ્રી તરફથી શુ કાર્યવાહી કરવામાં આવેલ છે ? તે અંગે આજ દિન સુધી કાઇ પ્રત્યુતર મળેલ ન હોય પુન: આ અંગે અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સવાલવાળી જમીન વુડા હસ્તક રહે તે માટે મહેસુલ વિભાગમાંથી જરૂરી હુકમો મેળવી આપવા માટે દરખાસ્ત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

(૨) મોજે અટલાદરા તા.જી.વડોદરાના રે.સ.નં.૧૨/૧ વાળી જમીન અંગે મહેસુલ વિભાગમાંથી નિર્ણય થઇ આવ્યેથી બિનખેતીનો અભિપ્રાય આપવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

(૩) મોજે અટલાદરા તા.જી.વડોદરાના રે.સ.નં.૧૨/૧ ની ૧૧૭૩૬ ચો.મી. વાળી જમીન વડોદરા મહાનગર પાલિકાને જાહેર હેતુ માટે જરૂરીયાત હોવાનુ તા.૨૦/૦૨/૨૦૧૯ ના પત્રથી જણાવેલ છે. આ અંગે સરકારશ્રીમાંથી નિર્ણય થઇ આવ્યેથી આગળની કાર્યવાહી કરવાનુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

ઉપરોકત મુધ્દા નં.૧ થી ૩ માં થયેલ નિર્ણય અન્વયેની જરૂરી કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નં. (૯): સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે **EWS-I** તથા **EWS-II** ના આવાસો માટે ટેન્ડર પ્રક્રિયા બાબત.

સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે ઈ.ડબલ્યુ.એસ તથા ઓછી આવક ધરાવતા લોકો માટે ના આવાસો બનાવવા આપેલ લક્ષ્યાંક પરત્વે ભાયલી ટી.પી.સ્કીમ નં. ૨ માં ફાઈનલ પ્લોટ નં. ૧૦૦, ૧૦૧, ભાયલી ટી.પી.સ્કીમ નં. ૩ માં ફાઈનલ પ્લોટ નં. ૧૧૧, ૧૧૪, ભાયલી ટી.પી.સ્કીમ નં. ૪ માં ફાઈનલ પ્લોટ નં. ૧૮૦ અને બીલ ટી.પી.સ્કીમ નં. ૧ માં ફાઈનલ પ્લોટ નં. ૩૮ માં ઈ.ડબલ્યુ.એસ-૧ અને ઈ.ડબલ્યુ.એસ-૨ ના આવાસો બનાવવાનું આયોજન કરેલ છે. જેમાં પ્લોટોની પસંદગીને વુડા બોર્ડ બેઠક ૨૩૭ ના ઠરાવ ક્રમાંક નં. ૨૫૦૭ ઠરાવ થી મંજુરી મળેલ છે. તથા થયેલ ઠરાવ મુજબ એ.એચ.એમ એમ્પેનલ્ડ PMC એજન્સીઓ પૈકી બે એજન્સી ધવલ એન્જીન્યર્સ અને જયેશ એ. દલાલ ને ડી.પી.આર બનાવવાની કામગીરી સોંપી ડી.પી.આર તૈયાર કરાવેલ છે. જેમાં કુલ ૬ પ્લોટોમાં એ.એચ.એમ એમ્પેનલ્ડ આર્કીટેકટ શ્રીમતી મમતા શાહ પાસે કરાવેલ પ્લાનીંગ પ્રમાણે કુલ ૨૧૮૨ આવાસો બનાવવા માટે લગભગ રૂ. ૧૭૩,૨૫,૭૩,૦૧૨/- ખર્ચ ના ડી.પી.આર ને સરકારશ્રી માં રજુ કરતા રાજય સરકાર તથા કેન્દ્ર સરકારશ્રીની કમીટી ધ્વારા મંજુર કરેલ છે. તથા રૂ. ૧૭૩,૨૫,૭૩,૦૧૨/- ના અંદાજોને તા. ૩૦/૧૧/૨૦૧૮ ના રોજ વુડાની ટી.એસ. કમીટી ધ્વારા તાંત્રિક મંજુરી મેળવી કામગીરી ઈજારદારો નક્કી કરવા ઓનલાઈન ટેન્ડરીંગ થી ભાવો મંગાવેલ હતા. જે પરત્વે નીચે મુજબ ટેન્ડર મળેલ હતા.

| **અનુ.નં** | **ગામ** | **ટી.પી.સ્કીમ નંબર** | **એફ.પી. નંબર** | **મળેલ ટેન્ડર ઓફરની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | બીલ | ૧ | ૩૮ | ૩ |
| ૨ | ભાયલી | ૨ | ૧૦૦ | ૨ |
| ૩ | ભાયલી | ૨ | ૧૦૧ | ૩ |
| ૪ | ભાયલી | ૩ | ૧૧૨ | ૪ |
| ૫ | ભાયલી | ૩ | ૧૧૪ | ૩ |
| ૬ | ભાયલી | ૪ | ૧૮૦ | ૩ |

સદર ટેન્ડરોની ટેકનીકલ બીડ તા. ૨૩/૦૧/૨૦૧૯ ના રોજ ખોલવામાં આવેલ. જેમાં પી.એમ.સી મારફત ચકાસણી કરી ઉકત તમામ એજન્સીને ક્વોલીફાઈ કરવામાં આવેલ હોઈ પ્રાઈઝબીડ તા.૨૮/૦૧/૨૦૧૯ ના રોજ ખોલવામાં આવેલ. તે પરત્વે નીચે મુજબ ની એજન્સીઓને સૌથી ઓછા ભાવ ભરેલ હતા.

| અનુ. નં | ગામ | ટી.પી.સ્કીમ નંબર | એફ.પી. નંબર | Name of Agency | અંદાજ થી % Above /Below | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | બીલ | ૧ | ૩૮ | D. H. Patel, Surat | 3.60% Below | L1 |
| ૨ | ભાયલી | ૨ | ૧૦૦ | Bhumi Procon Pvt. Ltd. | 11.47% Below | L1 |
| ૩ | ભાયલી | ૨ | ૧૦૧ | M/s. S.m. Sheladiya | 12.85% Below | L1 |
| ૪ | ભાયલી | ૩ | ૧૧૨ | Bhumi Procon Pvt. Ltd. | 6.35% Below | L1 |
| ૫ | ભાયલી | ૩ | ૧૧૪ | Bhumi Procon Pvt. Ltd. | 14.31% Below | L1 |
| ૬ | ભાયલી | ૪ | ૧૮૦ | Bhumi Procon Pvt. Ltd. | 15.69% Below | L1 |

L1 એજન્સીઓ પાસેથી ભરેલ ભાવે સદર કામગીરી કરી શકવાની બાંહેધરી પત્ર માંગેલ, તે મુજબ ઉકત L1 એજન્સી ધ્વારા અત્રેની કચેરીએ સદર કામગીરી કઈ રીતે કરી શકાશે તે અંગે વધુ વિગતો મેળવી તા. ૦૫/૦૨/૨૦૧૯ ના રોજ ટેન્ડર કમિટી સમક્ષ રજુ કરતા ટેન્ડર કમીટી ધ્વારા L1 ધ્વારા ભરેલ ઓફરો મુજબ કામગીરી સોંપવા નિર્ણય કરેલ છે તથા તે મુજબ L1 ને જાણ કરી EMD ભરપાઈ કરી એગ્રીમેન્ટ કરવા જણાવેલ છે. જે મુજબ થયેલ કામગીરીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૫૬૮):</u> સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે આવાસો બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા થી નક્કી થયેલ ૬ (છ) સ્કીમોના ઈજારદારો (L1) માટે થયેલ કાર્યવાહીને બહાલી આપવામાં આવી તથા આગળની કરવાની થતી તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નં.(૧૦) :** વુડા વિસ્તારના પશ્ચિમ વિસ્તારના ગામોના રહીશો માટે પીવાના પાણીની વ્યવસ્થા માટે મહીસાગર નદી આધારીત સુચિત અમૃતમ યોજના માંથી પાણી પુરૂ પાડવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે વુડાના પશ્ચિમ વિસ્તારના ગામો માટે ફેઝ-૧ તથા ફેઝ-૨ માં પીવાના પાણી માટે માસ્ટર પ્લાન બનાવેલ છે. જેમાં આગામી વર્ષોમાં વુડા વિસ્તારના ફેઝ-૧ અને ફેઝ-૨ માં આવતા કુલ ૧૧ ગામ ગોરવા, ઉંડેરા, કોયલી, અંકોડિયા, ખાનપુર, શેરખી, સેવાસી, મહાપુરા, ગોકળપુરા, ભાયલી, બીલ ખુબ જ ઝડપી રહેણાંક વિકાસ થઈ રહેલ છે. જે પરત્વે આ કુલ ૧૧ ગામોમાં પીવાના પાણીની જરૂરિયાત લગભગ ૩૩ MLD જેટલી રહેવા સંભાવના છે. આથી અત્રેથી અધિક્ષક ઈજનેરશ્રી, વડોદરા સિંચાઈ વર્તુળ ને ૩૩ MLD પાણી રીઝર્વ કરવા પત્ર પાઠવેલ છે તથા વડોદરા મહાનગરપાલિકા ધ્વારા મહીસાગર નદી આધારિત બની રહેલ અમૃતમ યોજનાની પાણી પુરવઠા યોજના માંથી વુડા ને પાણી પુરૂ પાડવા અને આ અંગે થનાર ખર્ચનો હિસ્સો વુડા ધ્વારા વડોદરા મહાનગરપાલિકા માં જમા કરાવવા આવશે તેવો પત્ર વુડા ધ્વારા વડોદરા મહાનગરપાલિકાને પણ પાઠવેલ હતો આથી અત્રેથી કરેલ દરખાસ્ત પરત્વે વડોદરા મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૫/૧૨/૨૦૧૮ ના પત્રથી ૨૦ MLD પીવાનું પાણી વુડાને આપવાનું વિચારણામાં હોવાનો પત્ર પાઠવેલ છે. આ કામગીરીના પ્રોજેકટનો કુલ ખર્ચ રૂ. ૧૬૫.૭૬ કરોડ છે. જે પૈકી ૧૦૦ કરોડ અમૃત ગ્રાન્ટ પેટે, અને જેમાં ૩૦% નો ખર્ચ ૩૦ કરોડ તથા કુલ રકમ પૈકીની બાકી રહેતી રકમ રૂ. ૬૫.૭૬ કરોડની જોગવાઈ એમ કુલ રૂ. ૯૫.૩૬ કરોડની જોગવાઈ વડોદરા મહાનગરપાલિકાએ કરવાની થાય છે. આથી વુડા ને ૨૦ MLD પીવાનું પાણી વડોદરા મહાનગરપાલિકા ધ્વારા ભવિષ્યમાં આપવાનું થાય તો ૨૦ MLD પાણી પેટે ખર્ચ રૂ. ૯૫.૩૬ કરોડના ૨૦% ના પ્રમાણમાં આવતી રકમ વુડા ધ્વારા વડોદરા મહાનગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તથા સદર યોજનાના ઓપરેશન અને મેન્ટેનન્સ માટેનો ખર્ચની ભાગે પડતી રકમ વખતો વખત સમગ્ર સભા ધ્વારા નક્કી થાય તે મુજબ આપવાની થશે તેમ જણાવેલ હતુ.

આથી અત્રેથી વુડા બોર્ડ બેઠક ૨૩૮ ના ઠરાવ ક્રમાંક ૨૫૪૭ ના ઠરાવ પ્રમાણે ઓપરેશન મેન્ટેનન્સ માટે ખર્ચની ભાગે પડતી રકમ અને ૨૦ MLD પાણી મેળવવા ૨૦% ના પ્રમાણમાં આવતી રકમ વડોદરા મહાનગરપાલિકાને ચુકવવાની તૈયારી દર્શાવી પાણી મેળવવા ઠરાવવામાં આવ્યુ હતુ તે પરત્વે વડોદરા મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૩/૦૧/૨૦૧૯ ના પત્રથી આયોજન માટે થનાર કુલ ખર્ચ ૧૬૫.૭૬ કરોડના ૨૦% રકમ ૩૩.૧૫ કરોડ વુડાએ ખર્ચ પેટે જમાં કરાવવાના થતા હોઈ રૂ. ૩૩.૧૫ કરોડ ખર્ચ પેટે જમા કરાવવા વુડાની સહમતી માંગતા વુડા ધ્વારા તા. ૦૨/૦૨/૨૦૧૯ ના રોજ ૩૩.૧૫ કરોડ જમા કરાવવામાં આવશે તેવી સંમતિ આપતો પત્ર વડોદરા મહાનગરપાલિકાને પાઠવેલ છે.

આથી વુડા વિસ્તારના કુલ ૧૧ ગામોના વિકસિત વિસ્તારમાં પીવાના પાણી માટે વુડા ધ્વારા ૨૦ MLD પાણી માટે વડોદરા મહાનગરપાલિકામાં રૂ. ૩૩.૧૫ કરોડ ચુકવવાના થતા ખર્ચની રકમની મંજુરી અંગે તથા વડોદરા મહાનગરપાલિકાના તા. ૧૧/૦૨/૨૦૧૯ ના પત્રથી આ કામગીરી પેટે પ્રથમ તબક્કામાં ૫૦% રકમ જમા કરાવવા જણાવેલ હોઈ રૂ. ૧૬.૫૭૫ કરોડ વી.એમ.સી ની સામાન્ય સભામાં અનુમોદન બાદ વી.એમ.સી માં જમા કરાવવાની મંજુરી

અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૫૬૯):** વુડા વિસ્તારના પશ્ચિમ વિસ્તારમાં કુલ ૧૧ ગામોના વિકસિત વિસ્તારમાં પીવાના પાણી માટે વુડા ધ્વારા ૨૦ MLD પાણી માટે વડોદરા મહાનગરપાલિકા માં રૂ. ૩૩.૧૫ કરોડ ચુકવવા માટેના ખર્ચની રકમને મંજુરી આપવામાં આવી તથા વી.એમ.સી ની સ્થાયી સમિતિમાં આ અંગે અનુમોદન થયેલ હોઈ પ્રથમ તબક્કા માં ૫૦% રકમ રૂ. ૧૬.૫૭૫ કરોડ વી.એમ.સી માં જમા કરાવવા તથા તે અંગે કરવાની થતી તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં. (૧૧): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડ આજુ બાજુના વિસ્તારની સોસાયટીમાં GWSSB આધારિત પીવાનું પાણી આપવા બાબત.

વુડા વિસ્તારના પુર્વ તરફના ગામોને પીવાનું પાણી પુરૂ પાડવા માટે અગાઉ સરદાર સરોવર નર્મદા નિગમ ધ્વારા ૧૦ MLD પાણી પુરૂ પાડવા મંજુરી આપેલ છે. જે મુજબ રામેશરા હેડવર્ક VBC કેનાલ પરથી પાણી ઉપાડવાનું થાય છે. જેમાં ડી.પી.આર તૈયાર કરાવતા રૂ.૧૦૦ કરોડ ખર્ચનો અંદાજ થતા ૬૦ થી ૬૫ % ખર્ચ ૫ કીમી લાંબી પાઈપલાઈનનો થનાર હોઈ અત્રેથી ખર્ચ ઘટાડવા માટે ટીંબી તળાવ આધારિત યોજના બનાવવા તથા કેનાલ મારફત પાણી મેળવવાની મંજુરી મેળવી કાર્યવાહી કરવા દરખાસ્ત તૈયાર કરેલ હતી. જે પરત્વે જિલ્લા પંચાયત ધ્વારા ટીંબી તળાવનો ઉપયોગ કરવા મંજુરી આપેલ છે. પરંતુ સ.સ.ન.નિ.લી. ધ્વારા કેનાલ મારફત પાણી પુરૂ પાડવા માટે નકારાત્મક અભિપ્રાય આપેલ હોઈ ફેર વિચારણા માટે દરખાસ્ત કરેલ છે. દરમ્યાનમાં મા.ધારાસભ્યશ્રી, વાઘોડિયા ધ્વારા મા.મુખ્યમંત્રીશ્રીને આ વિસ્તારના લોકોની પાણીની સમસ્યા અંગે રજુઆત કરેલ હતી તથા આ વિસ્તારની ગામતળ માટેની કાર્યરત GWSSB ની પાણી પુરવઠા યોજનામાંથી પાણી પુરૂ પાડવા ભલામણ કરતા GWSSB ધ્વારા ૩ MLD પાણી નિમેટા હેડવર્કસ થી રૂ. ૪/KL મુજબ પાણી ચાર્જ લઈ આપવા મંજુરી આપેલ છે. જેમાં પાઈપલાઈનનો ખર્ચ વુડા ધ્વારા કરવાનો થાય છે. તથા પાણીનો ચાર્જ ભરવા માટે વુડા ધ્વારા બાંહેધરી આપવાની થતી હતી. આથી અધિક્ષક ઈજનેરશ્રી, GWSSB, વડોદરા ધ્વારા તા. ૧૮/૦૧/૨૦૧૯ ના પત્રથી મળેલ મંજુરીની જાણ કરેલ હતી. આથી આ વિસ્તારમાં નિમેટા હેડવર્કસ થી પાની મેળવવા પાઈપલાઈન નાખી દરેક સોસાયટીને મુખ્ય દરવાજા સુધી પહોચાડવા માટે નેટવર્ક તૈયાર કરવાની કાર્યવાહી કરવાની થતી હોવાથી તથા મુખ્ય ઈજનેરશ્રી, GWSSB ના તા. ૧૮/૦૧/૨૦૧૯ ના પત્રમાં જણાવ્યા મુજબ તેઓ ધ્વારા તૈયાર કરેલ અંદાજ મુજબ પાઈપલાઈન નાખવાનો અંદાજીત ખર્ચ રૂ. ૩.૧૭ કરોડ જેટલો થવાની સંભાવના દર્શાવેલ હતી. જેમાં સરકારશ્રી માંથી થયેલ ભલામણ આધારે તાત્કાલિક કામગીરી કરવાની થતી હોઈ તથા અત્રે આવી કામગીરી માટે એક્ષપર્ટ તાંત્રીક સ્ટાફ પણ ન હોઈ આ કામગીરી GWSSB મારફત ડી.પી.આર તૈયાર કરાવી તે મુજબની અંદાજીત રકમ અત્રેથી GWSSBમાં ડીપોઝીટ કરાવી કામગીરી કરાવવા અત્રેથી GWSSB ને દરખાસ્ત કરેલ હતી. તથા મળેલ મંજુરી મુજબ પાણીના ચાર્જ પેટે રૂ. ૪/KL મુજબ વાર્ષિક રૂ. ૪૧.૬૩ લાખનો ખર્ચ જે તે રહીશો પાસેથી વસુલ લેવાનો થાય છે. જેમાં અત્રે ઈસ્ટર્ન બિલ્ડર્સ એસોસિયેશન ધ્વારા આ ચાર્જ વસુલ લઈ અત્રે જમા કરાવવા અંગે બાંહેધરી આપેલ હોઈ જે પરત્વે GWSSB ને અત્રેથી પાણીના ચાર્જ પેટે જમા કરાવવા બાંહેધરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ તે પરત્વે GWSSB ધ્વારા પાઈપલાઈન નેટવર્ક નાખવાના વિગતવાર અંદાજો તૈયાર કરી તાંત્રિક મંજુરી સાથે રૂ. ૩.૧૭ કરોડ ડીપોઝીટ કરવા વુડાને દરખાસ્ત પાઠવતા અત્રેથી તા. ૨૯/૦૧/૨૦૧૯ ના રોજ વુડાના પુર્વ વિસ્તારના વિકસિત ગામોમાં ૩ MLD પીવાના પાણી માટે કરવાની થતી કામગીરી માટે બોર્ડની મંજુરીની અપેક્ષાએ રૂ. ૩,૧૭,૧૨,૫૦૦/- ડીપોઝીટ પેટે જમા કરાવવામાં આવેલ છે. જે ખર્ચની મંજુરી તથા થયેલ કાર્યવાહીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૫૭૦):</u> વુડા વિસ્તારના વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુ બાજુના વિસ્તારની સોસાયટીઓમાં GWSSB આધારિત પીવાના પાણી માટે પુર્વ વિસ્તારના વિકસિત ગામોમાં ૩ MLD પીવાના પાણી માટે GWSSB માં ડિપોઝીટ કરેલ રૂ. ૩,૧૭,૧૨,૫૦૦/- ના ખર્ચને મંજુર કરી બહાલી આપવામાં આવી તથા GWSSB માં રૂ. ૪/KL મુજબ ચુકવવાના થતા ચાર્જની વસુલાત માટે ઈસ્ટર્ન ડેવલપર્સ એસોસિયેશન સાથે કરાર કરી વર્ષને અંતે વસુલાત કરવાની થતી કાર્યવાહી અંગે આગળની કરવાની થતી સઘળી કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નં.(૧૨) :** વુડાના અલગ-અલગ વિસ્તારોમાં કાંસને આર.સી.સી ની પાકી કાંસ કરવા માટે કન્સલટન્ટની નિમણુંક કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા અલગ-અલગ વિસ્તારોમાં પસાર થતી કાંસને રીસેકસનીંગ કરી પાકી કાંસ કરવાની કામગીરી કરવાની થાય છે. જે અન્વયે નીચે મુજબના ત્રણ અલગ-અલગ વિસ્તારો માંથી પસાર થઈ રહેલ કાંસને આર.સી.સી ની પાકી કાંસ બનાવવા માટે સર્વે કરી ડી.પી.આર તૈયાર કરાવવા કન્સલટન્ટની નિમણુંક કરવાની થાય છે.

(૧) ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ થી સમિયાલા તળાવ સુધી જતી કાંસને આર.સી.સી ની પાકી કાંસ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે. પરંતુ ભાયલી ગામના તળાવથી લઈ ટી.પી.સ્કીમ નં. ૫ સુધી લગભગ ૧.૦૦ કી.મી થી લઈ ૧.૨૦ કી.મી જેટલી હયાત કાંસ છે. ચોમાસાના સમયગાળા દરમ્યાન વરસાદી પાણીના નિકાલમાં અવરોધ ન આવે તે માટે હયાત કાંસને રીસેકસનીંગ કરી કાંસની બન્ને સાઈડની દિવાલો પાક્કી કરવી જરૂરી હોવાથી ભાયલી ગામના તળાવથી લઈ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ ના બળીયાદેવના મંદિર સુધી ના કાંસ ને પાકો કાંસ બનાવવો.

(૨) ઉંડેરા થી ગોત્રી સુધી પસાર થતી કાંસમાં લગભગ ૨.૫૦ કી.મી ના કાચા કાંસને ચોમાસાના સમયગાળા દરમ્યાન વરસાદી પાણીના નિકાલમાં અવરોધ ન આવે તે માટે હયાત કાંસને રીસેકસનીંગ કરી કાંસની બન્ને સાઈડની દિવાલો પાક્કી કરવી જરૂરી હોવાથી રીસેકશનીંગ કરી પાકો કાંસ બનાવવો.

(૩) ભાયલી વિસ્તારના રહેવાસીઓની રજુઆત મુજબ ભાયલી વિસ્તારની પ્રિયા સિનેમાથી ભાયલી ગામ સુધી પસાર થતી લગભગ ૯૦૦ મીટર લંબાઈની પાકી કાંસ બનાવેલ છે. પરંતુ ખુલ્લા હોવાને કારણે ગંદકી થતી હોઈ કાંસને બંધ કરવાની રજુઆતો પરત્વે કાંસ પર આર.સી.સી સ્લેબ નાખી તેના પર સાઈકલ ટ્રેક બનાવી ઉપયોગ કરવા અથવા માટી નાખી નાના વૃક્ષો વાવવાનું આયોજન કરવા બાબત.

ઉપરોકત વિગતો ના ત્રણ કામોનો સર્વે કરી ડી.પી.આર તૈયાર કરાવવા વુડા એમ્પેનલ્ડ પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટને કામગીરી સોંપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૫૭૧): વુડા વિસ્તારમાં ભાયલી ગામ પાસેથી ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ સુધી પસાર થતી લગભગ ૧.૨૦ કી.મી લાંબી વરસાદી કાંસ અને ઉંડેરા ગામથી ગોત્રી તરફ પસાર થતી લગભગ ૨.૫૦ કી.મી લાંબી વરસાદી કાંસને રીસેકશનીંગ કરી પાકી કરવા તથા ભાયલી વિસ્તારના પ્રિયા સિનેમાથી ભાયલી ગામ સુધી પસાર થતી પાકી કાંસ પર આર.સી.સી સ્લેબ નાખી સાયકલ ટ્રેક બનાવવાની કામગીરી માટે વુડાની એમ્પેનલ્ડ પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ પૈકી કન્સલટન્ટ નક્કી કરી સ્થળ સ્થિતિનો સર્વે કરી ડી.પી.આર બનાવવા તથા ત્રણે કામ માટે થનાર ખર્ચને સૈધ્ધાંતિક મંજુરી આપવા તથા તે અંગે આગળની કરવાની થતી તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નં.(૧૩) :** વુડા વિસ્તારમાં મોજે ભાયલી ખાતે આવેલ નગર રચના યોજનામાં એલ.ઈ.ડી.સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ભાયલીમાં સ્ટ્રીટ લાઈટ પ્રોજેકટ તૈયાર કરવા માટે વુડાની હાલની પેનલના કન્સલટન્ટ મે. જયેશ એ. દલાલ ને કામગીરી સોંપવામાં વુડા બોર્ડ બેઠક નં. ૨૩૨ તા. ૧૦/૦૫/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક નં.૨૪૨૦ માં ઠરાવવામાં આવેલ. તે મુજબ જયેશ એ. દલાલ ધ્વારા રજુ કરેલ રૂ. ૧૧,૨૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા અગીયાર કરોડ વીસ લાખ પુરા) ના ખર્ચ નો ડી.પી.આર રજુ કરી વુડા બોર્ડ બેઠક નં.૨૩૩ તા. ૧૨/૦૯/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક નં.૨૪૪૪ થી થનાર ખર્ચને સૈધ્ધાંતિક મંજુરી આપેલ હતી. પરંતુ આ વિસ્તારમાં પુરેપુરો વિકાસ થયેલ ન હોઈ જરૂર જણાય ત્યાં જ કામગીરી કરાવી ખર્ચ ઓછો કરવા કન્સલટન્ટ પાસે ફકત વિકસીત વિસ્તાર પુરતો સર્વે કરાવી હાલના સમયમાં જરૂરીયાત હોય તેવા રસ્તાઓ પર જ સ્ટ્રીટ લાઈટનું આયોજન કરવા નવેસરથી ડી.પી.આર તૈયાર કરાવેલ છે. જેનો લગભગ રૂ. ૪,૦૧,૯૮,૮૯૫/- (અંકે રૂપિયા ચાર કરોડ એક લાખ અઠ્ઠાણું હજાર આઠસો પંચાણું પુરા) ખર્ચ થવા સંભવ હોવાથી વુડા બોર્ડ બેઠક ૨૩૭ ના ઠરાવ ક્રમાંક નં. ૨૫૧૨ માં વુડા વિસ્તારમાં મોજે ભાયલીની નગર રચના યોજના નં. ૧ થી ૪ ના મુખ્ય રસ્તાઓ પર એલ.ઈ.ડી.સ્ટ્રીટ લાઈટની સુવિધા માટે થનાર ખર્ચ રૂ. ૪,૦૧,૯૮,૮૯૫/- સૈધ્ધાતિંક મંજુરી આપવામાં આવેલ હતી તથા આ કામગીરી સરકારશ્રી માર્ગ અને મકાન વિભાગના ઈલેક્ટ્રીક વિભાગ મારફત કરાવવાનું નક્કી થયેલ હતુ જેથી અત્રેની કચેરી ધ્વારા વડોદરા વિદ્યુત માXમ પેટા વિભાગ, ને સદર કામગીરી કરવા અંગે ડી.પી.આર મોકલી દરખાસ્ત કરેલ હતી. પરંતુ તેઓ ધ્વારા તા. ૨૬/૧૧/૨૦૧૮ ના પત્રથી વિષય દર્શિત કામગીરી ખુબજ બહોળા પ્રમાણમાં હોય તથા તેઓની કચેરી અંતર્ગત કામોનું ભારણ ખુબ વધારે હોવાથી વિષય દર્શિત કામગીરી તેઓ ધ્વારા કરી શકાય તેમ ન હોવાનું જણાવતા વડોદરા મહાનગરપાલિકા ના સ્ટ્રીટ લાઈટ વિભાગ મારફત કામગીરી કરાવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ રજુ થતા વડોદરા મહાનગરપાલિકામાં અલગથી સ્ટ્રીટ લાઈટ વિભાગ હોવાથી સદર કામગીરી વડોદરા મહાનગર પાલિકા મારફત કરાવવા અંગે વી.એમ.સી. ને દરખાસ્ત કરવા વુડા બોર્ડ બેઠક નં. ૨૩૮ ના ઠરાવ ક્રમાંક નં. ૨૫૫૨ થી ઠરાવવામાં આવેલ હતુ. જે પરત્વે અત્રેથી વડોદરા મહાનગર પાલિકા ના સ્ટ્રીટ લાઈટ વિભાગને જરૂરી અનુમોદન થઈ આવવા પત્ર પાઠવેલ હતો. તથા સદર પ્રોજેકટ અંગે વડોદરા મહાનગર પાલિકાની સ્ટ્રીટ લાઈટ શાખા ત્રણ વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સ સહિત રૂ. ૪.૨૮ કરોડનો ડી.પી.આર તૈયાર કરી અત્રે રજુ કરેલ છે. સ્ટ્રીટ લાઈટ વિભાગ ધ્વારા રજુ કરેલ રૂ. ૪,૨૮,૫૧,૩૨૩/- ના ખર્ચને મંજુર કરવા તથા વડોદરા મહાનગરપાલિકા ને ડીપોઝીટ વર્ક પેટે ચુકવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૫૭૨):</u> વડોદરા મહાનગરપાલિકા ધ્વારા વુડા વિસ્તારમાં ભાયલીની નગર રચના યોજના વિસ્તારમાં એલ.ઈ.ડી સ્ટ્રીટ લાઈટની સુવિધા માટે રજુ કરેલ રૂ. ૪,૨૮,૫૧,૩૨૫/- ના અંદાજીત ખર્ચના ત્રણ વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સ સહિતના ડી.પી.આર ને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી તથા આ કામગીરી વડોદરા મહાનગરપાલિકાને ડિપોઝીટ વર્ક તરીકે સોંપેલ હોઈ થનાર ખર્ચ રૂ. ૪,૨૮,૫૧,૩૨૫/- ની રકમ વડોદરા મહાનગરપાલિકા માં જમા કરાવવા મંજુરી આપવામાં આવી તથા તે અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નં.(૧૪) :** મોજે વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ માં ૨ MLD STP ની બાજુમાં આવેલ વરસાદી કાંસ, રોડ બનાવવા તથા માટી પુરાણ કરવા માટેની બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા મોજે વેમાલી વિસ્તારમાં તબક્કાવાર કુલ ૨ (બે) નગર રચના યોજનાઓ બનાવવામાં આવેલ છે. વુડા ધ્વારા બનાવેલ કુલ ૨ (બે) નગર રચના યોજના પૈકી વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ સરકારશ્રી ધ્વારા પ્રારંભિક/આખરી મંજુર કરેલ છે. જેમા વુડા ધ્વારા અમલીકરણના ભાગ રૂપે અરજદારોના ફાઈનલ પ્લોટના લેવડ-દેવડની કામગીરી પુર્ણ કરેલ છે. તથા ડ્રેનેજ લાઈનની કામગીરી પણ કરવામાં આવેલ છે.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી. નં. ૧૧૧ ખાતે નાખવામાં આવેલ ડ્રેનેજના મલિન જળના શુધ્ધિકરણ માટે ૨ MLD STP તથા MPS નું બાંધકામ કરવામાં આવેલ છે. જે પૈકી ૨ MLD STP ના ટેન્ડરમાં માટી પુરાણ કરવાની કામગીરી સમાવિષ્ટ છે. જયારે MPS બનાવવાની કામગીરીના ટેન્ડરમાં માટી પુરાણની કામગીરી સમાવિષ્ટ નથી. તદઉપરાંત સદર વિસ્તારની બાજુ માંથી હયાત કોતર મારફત નદીમાં વરસાદી પાણી જાય છે. જે માંથી STP નું શુધ્ધિકરણ કરેલ પાણી પણ નાખવાનું આયોજન કરેલ છે. ચોમાસાના સમયગાળા દરમ્યાન બાંધવામાં આવેલ MPS ના સ્ટ્રકચરને કોઈ પણ પ્રકારનું નુકશાન ન થાય અને ચોમાસાના સમય ગાળા દરમ્યાન વરસાદી પાણીના નિકાલમાં અવરોધ ન આવે તથા STP નું શુધ્ધિકરણ કરેલ પાણીનો પણ નિકાલ થઈ શકે તે માટે હયાત કોતરને રીસેકશનીંગ કરી બન્ને સાઈટની દિવાલો પાકી કરવાની થાય અથવા એસ.ટી.પી. થી અન્ડર ગ્રાઉન્ડ આર.સી.સી. પાઈપલાઈન નાખવાની થાય છે. જેમાં વુડાના ટી.પી.સ્કીમના પ્લોટ બાદની જમીન વેમાલી ગ્રામ પંચાયતની હોઈ તેઓ પાસે જરૂરી ઠરાવ કરાવી આ કોતરની કાંસ પુરતી જમીન વુડાને કામગીરી માટે સોંપવા જણાવવાનું થાય તથા MPS અને 2 MLD ના પ્લોટ સુધી જવા માટે અપ્રોચ રોડ બનાવવા માટે માટી પુરાણ પણ કરવું પડે તેમ છે. આથી આ ત્રણે કામો માટે સર્વે કરી ડી.પી.આર તૈયાર કરાવવા વુડા એમ્પેનલ્ડ પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ ને કામગીરી સોંપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૫૭૩):</u> મોજે વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ ના 2 MLD STP પાસે થી પસાર થતા કોતર ને રીસેકશનીંગ કરી પાકી કાંસ/પાઈપ લાઈન કરી જરૂર મુજબનો રોડ બનાવવા તથા વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી. નં. ૧૧૧ ખાતે બનાવેલ MPS માટેના પ્લોટમાં માટી પુરાણ કરવાની કામગીરીને સૈધ્ધાંતિક મંજુરી આપવા તથા ઉકત કામગીરીનો સ્થળ સ્થિતિનો સર્વે કરી ડી.પી.આર, ટેન્ડર પ્રોસેસ તથા સુપરવિઝન કરવા માટે વુડાની એમ્પેનલ્ડ પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ પૈકી કન્સલટન્ટ નક્કી કરી કામગીરી કરવાની મંજુરી આપવા તથા આગળની કરવાની થતી તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં.(૧૫) : મોજે ખટંબા ના સર્વે નં ૭૬ પૈકી ની ખાનગી માલિકીની જમીન PMAY ના પ્રોજેકટને અવરોધતી હોઈ વુડાના ની જમીનની બાજુના સર્વે નં.૭૮ માં વુડાની માલિકીની જમીન ફેર બદલ કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, વુડા ધ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મોજે ખટંબા ના સર્વે નં.૭૨/અ/પૈ. તથા નં.૭૭/પૈ. ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત EWS-II ના ૧૨૮૬ આવાસો, ૫૦ દુકાનો તથા ૫૦ ઓફીસોનું કામ પ્રગતિ હેઠળ છે. આ પ્રોજેકટના પ્લોટ ની બાજુમાં અન્ય માલિકીના સર્વે નં.૭૮ તથા સર્વે નં.૭૬ પૈકી ની જમીનો આવેલ છે. જે પૈકી પુર્વ દિશામાં આવેલ સર્વે નં.૭૬ ની ૭/૧૨ મુજબ ૮૦૯.૦૦ ચો.મી જમીન માંથી નેશનલ હાઈવે નં.૮ નો સુચિત ૭૫.૦ મી. ડી.પી. રોડ તથા ૧૨.૦ મીટરના સર્વીસ રોડમાં જતી જમીન બાદ કરતા બાકી રહેલ સર્વે/બ્લોક નં.૭૬ માં લગભગ ૬૦.૬૩ ચો.મી જમીન વુડા ધ્વારા આયોજીત પ્રોજેકટના ટાવર A3 ના ફ્રન્ટેજને અવરોધે છે. જેને કારણે ટાવર A3 માં આવેલ દુકાનો ને સીધા રોડ મળતો નથી. વધુમાં મુળ જમીન માલિકશ્રી ને આ જમીન કોઈ ઉપયોગમાં આવે તેમ ન હોઈ તેઓ ધ્વારા આ પ્લોટની બદલે બાજુમાં આવેલ સર્વે નં.૭૮ પાસે વુડાના લેઆઉટમાં દર્શાવેલ કોમન પ્લોટ માંથી જમીન ફાળવી જમીનની અદલાબદલી કરવા માંગણી કરેલ છે. પ્લોટ નં.૭૮ અરજદાર જમીન માલિકશ્રી ની છે. આથી તે જમીન સાથે કોમનપ્લોટ પૈકીની જમીન એક સાથે થઈ જાય તેમ છે. આ જમીન ફાળવવાથી વુડાને મળનાર જમીન કોમનપ્લોટ તરીકે ઉપયોગમાં લઈ નિયમોનુસાર કોમનપ્લોટનો એરીયા જાળવી શકાય તેમ છે તો આ જમીન ના બદલામાં જમીનની અદલા બદલી કરવા ચર્ચા વિચારણા તથા નિર્ણય અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં જમીનની અદલા બદલી માટે વુડા બોર્ડ ધ્વારા સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી પરંતુ તે અંગે કાર્યવાહી કરતા અગાઉ લેન્ડ ડિસ્પોઝલ કમીટીનો અભિપ્રાય મેળવી કાર્યવાહી કરવા સર્વ સભ્યશ્રીઓની સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૫૭૪):</u> મોજે ખટંબા ખાતેની સર્વે નં. ૭૬ પૈકીની ૬૦.૬૩ ચો.મી જમીન વુડાની જમીનમાં ભળે તથા વુડાની રે.સર્વે નં. ૭૭/પૈકી ની તેટલી જમીન સ. નં. ૭૮ માં ભળે તે મુજબ જમીન અદલા બદલી કરવા સૈધ્ધાંતિક મંજુરી આપવા તથા અદલા બદલી કરતા અગાઉ લેન્ડ ડિસ્પોઝલ કમીટીનો અભિપ્રાય મેળવી આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા અધ્યક્ષશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નં. (૧૬): સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે નવા ૮૨૬ EWS-II ના આવાસોની બાબત.**

સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે વુડાની બોર્ડ બેઠક નં. ૨૩૮ ના ઠરાવ ક્રમાંક નં. ૨૫૫૧ અન્વયે માન.અગ્રસચિવશ્રી, શ.વિ. અને શ.ગ્રુહ.નિ.વિભાગ, ગાંધીનગર ધ્વારા તા. ૧૫/૧૧/૨૦૧૮ ના પત્રથી મા.કમિશ્નરશ્રી વી.એમ.સી ને વધુ આવાસોનું આયોજન કરવા જણાવેલ જેથી મા.અધ્યક્ષશ્રી ધ્વારા વુડા વિસ્તારમાં નવા ૧૦૦૦ આવાસોનું આયોજન કરવા જણાવતા વુડાની મંજુર ટી.પી.સ્કીમો ના ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ માં એફ.પી. ૧૩, એફ.પી. ૨૩ અને એફ.પી. ૪૯ તથા વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ એફ.પી. ૧૭૯ પ્લોટો નક્કી કરી AHM ના એમ્પેનલ્ડ તથા વુડામાં હાલ કામગીરી કરતા આર્કીટેકટ શ્રીમતિ મમતા શાહને સદર આવાસોની કામગીરી સોંપતા તેઓ ધ્વારા આર્કીટેકટ પ્લાનીંગ કરેલ જે મુજબ ૮૨૬ EWS-II ના આવાસોનું આયોજન થયેલ છે. સદર કામગીરી માટે AHM ના એમ્પેનલ્ડ તથા વુડામાં હાલ કામગીરી કરતા કન્સલટન્ટ જીઓ ટેસ્ટ હાઉસ, વડોદરાને ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ માં એફ.પી. ૧૩, એફ.પી. ૨૩ અને એફ.પી. ૪૯ તથા જયેશ એ. દલાલ, સુરતને વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ એફ.પી. ૧૭૯ માં પી.એમ.સી ની કામગીરી સોંપેલ છે. તે પરત્વે તેઓ ધ્વારા સદર ૮૨૬ આવાસોનો ડી.પી.આર તૈયાર કરીને અત્રેની કચેરીએ સાદર કરેલ છે. જેનો અંદાજીત ખર્ચ લગભગ રૂ. ૭૩.૫૯ કરોડ થાય તેમ છે. આથી વુડા ધ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈ.ડબલ્યુ.એસ-૨ આવાસો બનાવવા અંગે નક્કી કરેલ ૪ ફાઈનલ પ્લોટની જમીનોને બહાલી આપવા તથા આવાસ યોજના બનાવવા માટે થનાર અંદાજીત રૂ. ૭૩.૫૯ કરોડ ખર્ચની મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ .

**ઠરાવ ક્રમાંક : (૨૫૭૫)** પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે આવાસો બનાવવા માટે એ.એચ.એમ એમ્પેનલ્ડ આર્કીટેકટ, PMC ની નિમણુંક કરી તૈયાર કરેલ આયોજન તથા તે પરત્વે તૈયાર થયેલ ડી.પી.આર મુજબ ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૨ ની જમીનોમાં ૩ તથા વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ ની જમીનોમાં ૧ મળી કુલ ૪ આવાસ યોજના માટે થનાર રૂ. ૭૩.૫૯ કરોડના ખર્ચને મંજુરી આપવા તથા આગળની ટેન્ડર પ્રક્રિયા કરી ઈજારદાર નક્કી કરવા સુધીની તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં.(૧૭) : વુડા વિસ્તારના ડી.પી. રોડ અને ટી.પી. રોડ બનાવવાની કામગીરી.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત સરકારશ્રી ધ્વારા જે નગર રચના યોજનાઓ આખરી મંજુર કરેલ/પારંભીક મંજુર થયેલ અથવા તો ડ્રાફટ સ્ટેજે મંજુર થયેલ નગર રચના યોજનાઓના અમલીકરણની કામગીરી કરવામાં આવી રહેલ છે. જેમાં મોટા ભાગની નગર રચના યોજનાઓમાં ટી.પી. ના રસ્તાને કાર્પેટના રસ્તા કરવાની કામગીરી પુર્ણ થયેલ છે. અથવા તો પુર્ણ થવામાં છે. વુડા ધ્વારા નગર રચના યોજનાઓમાં અમલીકરણની કામગીરી વર્ષ ૨૦૦૮ થી શરૂ કરવામાં આવેલ હતી. જેમાં શરૂઆતના તબક્કામાં વેમાલી ટી.પી. ૧, બીલ ટી.પી. ૧, ભાયલી ટી.પી. ૧ માં રોડના પઝેશનો મેળવી કામગીરી શરૂ કરી પુર્ણ કરેલ હતી. ત્યારબાદ તબક્કાવાર નગર રચના યોજનાઓ જેવી કે સેવાસી ટી.પી. ૧ અને ૨, ભાયલી ટી.પી. ૨, ૩ અને ૪, સેવાસી-ખાનપુર ટી.પી. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી. ૨ ની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. જયારે હાલમાં ડ્રાફટ મંજુર નગર રચના યોજનાઓ ગોરવા-અંકોડિયા ટી.પી. ૧, અંકોડિયા ટી.પી. ૧ અને અંતિમ મંજુર નિમેઠા ટી.પી. ૧ ના રોડની કામગીરી પ્રગતિમાં છે. હવે સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવેલ મુસદ્દારૂપ મંજુર થઈને આવે ત્યારે નગર રચના યોજના સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ તથા ટેકનોલોજી પાર્ક ટી.પી. ૨૪ ના રોડ બનાવવાના થાય છે. અગાઉ કરેલ રસ્તાઓની કામગીરી પૈકી મુસદ્દારૂપ મંજુર સમિયાલા-બીલ-ભાયલી નં. ૫, સમા-દુમાડ-વેમાલી ટી.પી. ૨ તથા પ્રિલિમનરી મંજુર ખાનપુર-સેવાસી નં. ૧ માં જે તે સમયે કબજા મેળવવામાં ખુબ સમય વ્યતિત થાય તેમ હોઈ અમુક રસ્તાઓ બાકી રાખી જે તે સ્ટેજે કામગીરી ફાઈનલ કરવામાં આવેલ હતી. હવે આ સ્કીમોમાં રસ્તાના કબજા મળેલ હોઈ બાકી રહેલ કામગીરી કરાવવાની થાય છે. તથા બીલ થી કલાલીને જોડતા નાળીયા રસ્તા/ડી.પી. રસ્તામાં પણ કબજા મળી શકે તેમ હોઈ તથા આ રસ્તા પર ઘણી સોસાયટીઓમાં વિકાસ થયેલ હોઈ રસ્તા માટે બીલ ગ્રામ પંચાયત ધ્વારા પણ વારંવાર રજુઆત કરવામાં આવતી હોઈ, આ રસ્તાની કામગીરી કરાવવી જરૂરી છે. તદઉપરાંત પુર્વ વિસ્તારમાં ડેવલપર્સ ધ્વારા ડી.પી. રસ્તાઓ જાતે ખોલેલ છે. તથા તેમાં હાલ ટી.પી.સ્કીમ સરકારશ્રીની મંજુરી અંગે પાઠવેલ હોઈ જેના રસ્તાના કબજા પણ મળી શકે તેમ હોઈ, ઝડપી વિકાસને જોતા આ વિસ્તારમાં પણ રોડ બનાવવા જરૂરી હોઈ હાલ નીચે મુજબના રોડની કામગીરી કરવા જરૂરી પ્રક્રિયા હાથ ધરવાની થાય છે.

| અનુ. નં | વિગત | અંદાજીત રકમ રૂ. કરોડ માં |
|---|---|---|
| ૧. | સમિયાલા-બીલ-ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ ની રોડ બનાવવાની કામગીરી. | ૨૨.૦૬ |
| ૨. | ખાનપુર-સેવાસી ટી.પી. ૧ ની રોડ બનાવવાની કામગીરી. | ૦૧.૯૩ |
| ૩. | સમા-દુમાડ-વેમાલી ટી.પી. ૨ ની રોડ બનાવવાની કામગીરી. | ૦૨.૧૦ |
| ૪. | સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ ની રોડ બનાવવાની કામગીરી. | ૫૫.૦૦ |
| ૫. | પુર્વ વિસ્તારમાં ટેકનોલોજી પાર્ક નોડ ટી.પી.સ્કીમના રસ્તા તથા આ રસ્તાઓને મુખ્ય માર્ગો સાથે જોડતા ડી.પી. રોડ બનાવવાની કામગીરી. | ૮૪.૩૬ |
| ૬. | બીલ-કલાલી ડી.પી. રોડ બનાવવાની કામગીરી. | ૦૨.૭૮ |
| | કુલ રકમ | ૧૬૮.૨૩ |

ઉપરોકત દર્શાવેલ કામો કરાવવા પ્રથમ વુડા એમ્પેનલ્ડ PMC મારફત સર્વે કરાવી ડી.પી.આર તૈયાર કરાવી તાંત્રિક મંજુરી મેળવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની થાય છે. આથી ઉપરોકત કામો કરવા અંગેની પ્રક્રિયા હાથ ધરવા તથા થનાર અંદાજીત ખર્ચને સૈધ્ધાંતિક મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ .

**ઠરાવ ક્રમાંક : (૨૫૭૬)** વુડા વિસ્તારમાં કુલ ૬ ટી.પી./નોન ટી.પી. વિસ્તારમાં અંદાજીત ૧૬૮.૨૩ કરોડના ખર્ચે કાર્પેટ રસ્તાઓ બનાવવા માટે સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી તથા આ કામગીરી માટે સ્થળ સ્થિતિનો સર્વે કરી ડી.પી.આર તૈયાર કરવા વુડા એમ્પેનલ્ડ કન્સલટન્ટ પૈકી કન્સલટન્ટની નિમણુંક કરી તાંત્રિક મંજુરી મેળવી ટેન્ડર પ્રક્રિયા કરવા સુધીની કામગીરી માટે કરવાની થતી આગળની સઘળી કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં.(૧૮) : વુડાના પુર્વ વિસ્તારમાં ખટંબા ગામ થી વડોદરા મહાનગર પાલિકા ના કપુરાઈ ખાતે સ્થિત ૬૦.૦૦ MLD STP સુધી નવી અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન નાખવાના ડી.પી.આર ને મંજુર કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા વુડાના પુર્વ વિસ્તારમાં અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. જે પુર્ણતાના આરે છે. સદર ડ્રેનેજ લાઈનના મલીન જળને શુધ્ધ કરવા માટે ખટંબા ખાતે 3 MLD STP બનાવવાનું આયોજન હતુ. પરંતુ વડોદરા મહાનગર સેવા સદન ધ્વારા વુડા હદની નજીક મ્યુનીસીપલ હદ વિસ્તારના કપૂરાઈ ખાતે નવીન ૬૦.૦૦ MLD STP બનાવવાની કામગીરી ચાલુ છે. જેમાં વડોદરા મ્યુનીસીપલ કોર્પોરેશન સાથે ભાગીદારીમાં મલીન જળ શુધ્ધિકરણ કરવા માટેની જોગવાઈ થયેલ છે. જે બાબત ધ્યાને લઈ, વુડા હદના પુર્વ વિસ્તારમાં નાખેલ ડ્રેનેજનું નેટવર્ક પરત્વેનું મલીન પાણી નવા કપુરાઈ ખાતેના ૬૦.૦૦ MLD STP પ્લાન્ટમાં છોડવા માટે કપૂરાઈ STP સુધી જોડાણ કરવા સુધીની ડ્રેનેજ લાઈન વુડા ધ્વારા નાખવાની થતી હોઈ, અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન તથા તેને લગત સ્ટ્રકચરનો ડી.પી.આર બનાવવા માટેની કામગીરી વડોદરા મહાનગરપાલિકાના એમ્પેનલ્ડ કન્સલટન્ટ ધ્વારા કરાવવા તથા આ કામગીરી માટે થનાર ખર્ચને સૈધ્ધાંતિક મંજુરી આપવા માટે વુડા બોર્ડ બેઠક નં. ૨૩૭ ના ઠરાવ ક્રમાંક ૨૫૨૦ થી ઠરાવવામાં આવેલ હતુ, જેથી વુડાના પુર્વ વિસ્તારમાં ખટંબા ગામ પાસે એમ.પી.એસ બનાવી વડોદરા મહાનગરપાલિકાના કપુરાઈ ખાતે ૬૦ MLD STP સુધી ડ્રેનેજ લાઈન નાખવાનું વડોદરા મહાનગરપાલિકાના પી.એમ.સી તરીકે એમ્પેનલ્ડ થયેલ કન્સલટન્ટ શ્રી SAPIENT TECHNO CONSULTANTS, SURAT પાસે એમ.પી.એસ તથા ડ્રેનેજ લાઈન નાખવા માટે વડોદરા મહાનગરપાલિકામાં નક્કી થયેલ ભાવ (૨.૨%) થી કામગીરી કરવા સંમતિ મેળવી ડી.પી.આર, એસ્ટીમેશન, કોસ્ટીંગ, ટેન્ડર બનાવવાથી માંડીને કોન્ટ્રાકટરને કામની સોંપણી કરવા સુધી અને કામગીરી દરમ્યાન સાઈટ સુપરવીઝન માટે કામગીરી સોંપવામાં આવેલ હતી. તે પરત્વે તેઓ ધ્વારા અંદાજીત રૂ. ૮,૬૬,૪૩,૬૦૦/- (અંકે રૂપિયા આઠ કરોડ છાસઠ લાખ ત્રેતાલીસ હજાર છસો પુરા) નો ડી.પી.આર તૈયાર કરી અત્રેની કચેરીમાં રજુ કરેલ છે. મળેલ અંદાજોને તાંત્રિક મંજુરી કમીટી ધ્વારા વિગતવાર ચકાસણી કરી તાંત્રિક મંજુરી આપેલ છે. આથી સદર ડી.પી.આર ના ખર્ચને મંજુર કરવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ

**ઠરાવ ક્રમાંક (૨૫૭૭)** : વુડાના પુર્વ વિસ્તારમાં ખટંબા ગામ પાસે MPS બનાવી વડોદરા મહાનગરપાલિકાના કપુરાઈ ખાતેના 60 MLD STP સુધી અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન નાખવા માટે ડી.પી.આર તૈયાર કરાવી ટેન્ડર પ્રક્રિયા કરી કામગીરીની દેખરેખ રાખવા સુધીની કામગીરી માટે વડોદરા મહાનગરપાલિકાના એમ્પેનલ્ડ એજન્સી પૈકીની એક એજન્સી SAPIENT TECHNO CONSULTANTS, SURAT ને સોંપેલ કામગીરી ને બહાલી આપવામાં આવી તથા કન્સલટન્ટ ધ્વારા તૈયાર કરેલ ડી.પી.આર મુજબ થનાર ખર્ચ રૂ. ૮,૬૬,૪૩,૬૦૦/- ના ખર્ચને મંજુરી આપવામાં આવી તથા આગળની ટેન્ડર પ્રક્રિયા કરી ઈજારદાર નક્કી કરવા સુધીની તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં.(૧૯) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની હદના મોજે ગામની શ્રીપોરટીંબી (તા.વાઘોડિયા) ખાતે આવેલ તળાવના પુર્વ વિસ્તારના સીકંદરપુરા, સયાજીપુરા, હનુમાનપુરા, બાકરોલ, જેસીંગપુરા, પવેલપુર, અમોદરા, અણખોલ, ખટંબા, શંકરપુરા, માધવનગર, શ્રીપોરટીંબી, બાપોદ(રેવન્યુનો)ના ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, મા.ધારાસભ્યશ્રી મધુભાઈ શ્રીવાસ્તવની તા.૨૩/૦૫/૨૦૧૮ તથા ઈસ્ટર્ન વડોદરા ડેવલોપર્સની તા.૦૩/૦૪/૨૦૧૮ ની મા.મુખ્યમંત્રીશ્રી ને ઉદ્દેશીને પુર્વ વિસ્તારમાં પીવાના પાણીની રજુઆત કરેલ હતી. જે અન્વયે તા.૨૫/૦૬/૨૦૧૮ ના રોજ મા.કલેકટરશ્રી વડોદરા અને ચેરમેનશ્રી વુડાના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકમાં સરદાર સરોવર નર્મદા નિગમ લી. ની રામશેરા હેડવર્ક VBC કેનાલ પરથી 10 MLD પાણી લેવાને બદલે ટીંબી તળાવની નજીકની હયાત કેનાલ જેવી કે હનુમાનપુરા માઈનોર, શંકરપુરા માઈનોર અને આમોદર ડીસ્ટ્રીબ્યુટરી પૈકીની કેનાલથી ટીંબી તળાવમાં 10 MLD પાણી લઈ તેનો શ્રીપોરટીંબી તળાવમાં સંગ્રહ કરી જરૂરીયાત અનુસાર પાણી વપરાશ કરવાનું આયોજન કરવામાં આવે તો પાઈપ લાઈનનો વહન ખર્ચ બચાવી શકાય તેમ હોઈ. તે મુજબ દરખાસ્ત કરવા નક્કી થયેલ હતુ. જે અન્વયે ટીંબી તળાવની નજીક ત્રણ હયાત કેનાલ હનુમાનપુરા માઈનોર, શંકરપુરા માઈનોર અને આમોદર ડીસ્ટ્રીબ્યુટરી માંથી 10 MLD પાણી લાવવા SSNNL માંથી મંજુરી માટે મુખ્ય ઈજનેરશ્રી, નર્મદા નહેર ભવન, છાણી ને અત્રે થી દરખાસ્ત કરેલ હતી અને ટીંબી તળાવ માં હયાત કેનાલ માંથી મળતા 10 MLD પાણી નો ટીંબી તળાવને સ્ટોરેજ ટેન્ક તરીકે ઉપયોગ કરવા દેવા તથા સ્ટોરેજ થયેલ પાણી નો વોટર સ્પલાય સ્કીમમાં લેવા માટે મંજુરી આપવા માટે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત વડોદરાને દરખાસ્ત પાઠવેલ હતી. જે પરત્વે જિલ્લા પંચાયત વડોદરા ધ્વારા ટીં.બી. તળાવનો ઉપયોગ કરવા માટે ઠરાવ તા ૩૧/૦૮/૨૦૧૮ ના ઠરાવ નં. ૧૭૨ (૨) થી કરેલ છે. પરંતુ સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ ધ્વારા તા. ૨૧/૧૨/૨૦૧૮ ના પત્ર નં. સ.સ.ન.નિ.લી./વોટર સપ્લાય/૧૩૦૬/33/વુડા/ વોમેસેલ ૧૦ MLD પાણી હનુમાનપુરા માઈનોર, શંકરપુરા માઈનોર અને આમોદર ડિસ્ટ્રીબ્યુટરી ખાતેથી આપવાની દરખાસ્ત ના મંજુર કરેલ છે. આ વિસ્તારમાં હાલ ત્રણ વર્ષ માટે GWSSB ધ્વારા 3 MLD પાણી આપવા માટે સંમતી તા. ૨૫/૦૧/૨૦૧૯ ના હુકુમ નં. પીબી/ઝોન.૧/વડોદરા/વુડા વિસ્તાર/સ.તા.મં/ડીપોઝીટ વર્ક/૪૦૧ થી આપેલ છે. પરંતુ પીવાના પાણીના કાયમી ઉકેલ માટે SSNNL માંથી ૧૦ MLD પાણી મેળવીને યોજના બનાવવી જરૂરી છે. મા.ધારાસભ્યશ્રી મધુભાઈ શ્રીવાસ્તવ ધ્વારા તા. ૦૯/૦૨/૨૦૧૯ ના પત્રની રજુઆત મુજબ સ.સ.ન.નિ.લી. ધ્વારા નિમેટા થી બ્રાંચ કેનાલ માંથી ૧૦ MLD પાણી ઓકટોબર થી માર્ચ દરમ્યાન આપવામાં આવે તો ટી.બી તળાવમાં સ્ટોરેજ કરી ઉકત ગામોને પીવાના પાણીની સુવિધા મળી શકે તેમ હોઈ તે મુજબ સ.સ.ન.નિ.લી. ને ફરીથી દરખાસ્ત કરવા જણાવેલ છે. આથી તે મુજબ વડોદરા બ્રાન્ચ કેનાલ માંથી નિમેટા હેડવર્કસ માંથી કોઈપણ પ્રકારનું ઓફટેક સ્ટ્રકચર બનાવ્યા વગર સબ મર્શીબલ પંપ મુકી પાઈપલાઈન મારફત પાણી લેવા સ.સ.ન.નિ.લી. ને દરખાસ્ત કરવાનો મુદ્દો વુડા બોર્ડ બેઠક સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૫૭૮)** : વુડાના પુર્વ વિસ્તારમાં પીવાના પાણીની કાયમી સુવિધા માટે SSNL માંથી મળનાર ૧૦ MLD પાણી વડોદરા બ્રાન્ચ કેનાલના નિમેટા હેડવર્કસ માંથી સબમર્શીબલ પંપ મુકી પાઈપ લાઈન મારફત પાણી લેવા સ.સ.ન.નિ.લી. ને દરખાસ્ત કરવા તથા તે અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નં.(૨૦)** : વુડા વિસ્તારમાં મોજે સેવાસી ટી.પી.સ્કીમ નં. ૩ ખાતે આવેલ તળાવના બ્યુટીફીકેશનના પ્રોજેકટ અંતર્ગત ડેવલપ કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા મોજે સેવાસી વિસ્તારમાં મુસદ્દારૂપ મંજુર નગર રચના યોજના નં. ૩ માં ટી.પી.સ્કીમના રોડના પઝેશનો મેળવી કાર્પેટ રોડની કામગીરી પુર્ણ કરેલ છે. તથા ડ્રેનેજ નેટવ્રક માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરેલ છે. જેમાં અમલીકરણની કામગીરી થવાના કારણે આ વિસ્તારનો ખુબજ સુંદર અને ઝડપી વિકાસ થયેલ છે. જેમા ટેનામેન્ટ ટાઈપ, લો-રાઈઝ, હાઈ-રાઈઝ ટાઈપના બિલ્ડીંગો મોટા પ્રમાણમાં બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. સેવાસી ટી.પી.સ્કીમ નં. ૩ માં એફ.પી. નં. ૦૨ માં અંદાજે ૫,૨૮૯.૦૦ ચો.મી નું તળાવ આવેલ છે. જેમાં આ વિસ્તારમાં રહેતા મા.ધારાસભ્યશ્રી મનિષાબેન વકિલ ધ્વારા સેવાસી ટી.પી.સ્કીમ નં. ૩ ના એફ.પી. નં. ૦૨ ના તળાવને બ્યુટીફિકેશન કરી બાળકો માટે રમત-ગમત ના સાધનો તથા નાગરીકો અને સિનિયર સીટેઝન માટે જરૂરી સુવિધાઓ પુરી પાડી ડેવલપ કરવા માટે રજુઆત કરેલ હતી. મા.ધારાસભ્યશ્રી ની રજુઆત પરત્વે સ્થળ સ્થિતી મુજબ તળાવની કુલ જમીન પૈકી ફકત ૨૫% જેટલા ભાગમાં તળાવ છે બાકીના ભાગમાં પુરાણ થયેલ છે. જેથી અત્રેથી સેવાસી ગ્રામ પંચાયતને પત્ર લખી તેઓની માલિકીના તળાવ અત્રેને ફાળવવા માટે વિનંતી કરવામાં આવેલ જેથી કરીને તળાવ ડેવલપ કરવાની આગળની કાર્યવાહી હાથ ધરી શકાય તે પરત્વે સેવાસી ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં વુડાને સદર પ્લોટ (એફ.પી.નં. ૦૨/બ્લોક નં. ૮૮) ફાળવવાનો નિર્ણય થયેલ છે. આથી સેવાસી ગ્રામ પંચાયત ધ્વારા આપેલ સહમતિ તથા મા.ધારાસભ્યશ્રીની રજુઆત ધ્યાને લઈ સેવાસી ટી.પી.સ્કીમ નં. ૩ ના એફ.પી.નં. ૦૨ ના તળાવને ડેવલપ કરવા માટે વુડાને એમ્પેનલ્ડ પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટની નિમણુંક કરી સ્થળ સ્થિતીનો સર્વે કરી તળાવના બ્યુટીફિકેશન માટે ડી.પી.આર તૈયાર કરાવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૫૭૯)**: મોજે સેવાસી ટી.પી.સ્કીમ નં. ૩ ખાતે આવેલ એફ.પી. નં. ૦૨, બ્લોક નં.૮૮ વાળા તળાવનું બ્યુટીફીકેશન માટે જરૂરી સુવિધાઓ પુરી પાડી ડેવલોપ કરવા સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી તથા સ્થળ સ્થિતિનો સર્વે કરી વુડાના એમ્પેનલ્ડ પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ પાસે ડી.પી.આર તૈયાર કરાવવા અંગે કરવાની થતી તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં.(૨૧) : વુડાની માલીકીના મોજે ખટંબા ના બ્લોક નં. ૭૨/એ/પૈકી તથા બ્લોક નં. ૭૭/પૈકી ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ EWS-II ના ૧૨૮૬ આવાસો, ૫૦ દુકાનો તથા ૫૦ ઓફીસોના બાંધકામ માટે વિકાસ પરવાનગી અન્વયે લગત ભરવા બાબત.

વુડાની માલીકીના મોજે ખટંબા ના બ્લોક નં. ૭૨/એ/પૈકી તથા બ્લોક નં. ૭૭/પૈકી ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ EWS-II ના ૧૨૮૬ આવાસો, ૫૦ દુકાનો તથા ૫૦ ઓફીસોના બાંધકામ માટે વડોદરા મહાનગરપાલિકા પાસેથી તા. ૧૮/૦૫/૨૦૧૭ ના હુકમથી વિકાસ પરવાનગી મેળવેલ હતી. પરંતુ તેમાં ૧૬ ટાવરને બદલે ૫ ટાવર લખાયેલ હોય, વિકાસ પરવાનગી હુકમમાં સુધારો કરવા માટે વડોદરા મહાનગરપાલિકાની બિલ્ડીંગ પરમિશન શાખામાં અરજી કરતા તેઓ ધ્વારા રૂ. ૩૬,૩૩,૨૨૭.૭૫ (અંકે રૂપિયા છત્રીસ લાખ તેત્રીસ હજાર બસો સત્યાવિસ ને પંચોતેર પૈસા પુરા) ની લગતો ભરવા માટે જણાવેલ છે. અગાઉ મુળ વિકાસ પરવાનગી મેળવેલ સમયે એફોર્ડેબલ હાઉસીંગ સ્કીમમાં ચકાસણી ફી, એમિનિટીઝ ફી સહિતની અન્ય લગતો લેવામાં આવેલ હતી હોય પરંતુ ત્યારબાદ વડોદરા મહાનગરપાલિકાની બિલ્ડીંગ પરવાનગી શાખા ધ્વારા સદર આવાસ યોજનામાં દુકાનો તથા ઓફીસોનું પણ બાંધકામ હોય તે પરત્વે લગતો નક્કી કરી રૂ. ૩૬,૩૩,૨૨૭.૭૫ (અંકે રૂપિયા છત્રીસ લાખ તેત્રીસ હજાર બસો સત્યાવિસ ને પંચોતેર પૈસા પુરા) ભરવા માટે જણાવેલ છે. જે લગતો ભરવાની મંજુરી અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૫૮૦)</u>** : પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મોજે ખટંબાના બ્લોક નં. ૭૨/એ/પૈકી તથા બ્લોક નં. ૭૭/પૈકી બાંધ્વામાં આવી રહેલ ૧૨૮૬ આવાસો, ૫૦ દુકાનો તથા ૫૦ ઓફીસોના બાંધકામ માટે વડોદરા મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ રિવાઈઝડ વિકાસ પરવાનગી પેટેની લગતોના રૂ. ૩૬,૩૩,૨૨૭.૭૫ (અંકે રૂપિયા છત્રીસ લાખ તેત્રીસ હજાર બસો સત્યાવીસ ને પંચોતેર પૈસા પુરા) વડોદરા મહાનગરપાલિકાની બાંધકામ પરવાનગી શાખામાં જમા કરવાનું સર્વાનું મતે ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે આગળ કરવાની થતી તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નં.(૨૨)** : મોજે ગોરવા તથા ઉંડેરાની સોસાયટીઓમાં ડ્રેનેજ ઉભરાવવાની સમસ્યાના ઉકેલ બાબત.

વડોદરા મહાનગરપાલિકા ધ્વારા અગાઉ પેટ્રોફિલ્સ સુધી કરેલ ડ્રેનેજ લાઈનમાં વુડા વિસ્તારના **O.G.** વિસ્તાર પૈકી મોજે ગોરવાની તથા ઉંડેરાની લગભગ ૩૦ થી ૪૦ સોસાયટીઓના ડેવલોપર્સ ધ્વારા પોતાના ખર્ચે ડ્રેનેજ લાઈનો નાંખી કોર્પોરેશનની લાઈનમાં જોડાણ કરવામાં આવેલ છે. આ વ્યવસ્થા છેલ્લા પાંચ થી સાત વર્ષથી કાર્યરત છે. જેમાં મુખ્ય નળીકા કે જે કોર્પોરેશનની ૪૫૦ મીટર ડાયાની પાઈપલાઈન સાથે જોડાય છે. તે ૬૦૦ મી. લંબાઈની ૧૫૦ **MM** ડાયાની પાઈપલાઈન હોવાથી પ્રેસરથી મલિન પાણી પસાર થતું ન હોવાને કારણે ડ્રેનેજ લાઈન ઉભરાવવાની વારંવાર સમસ્યા ઉપસ્થિત થાય છે. જેમાં અંગે વી.એમ.સી ના સુપર શક્કર મશીન ધ્વારા સાફ-સફાઈ કરાવી તેનો ખર્ચ સમયાંતરે વુડા ધ્વારા ભોગવવામાં આવે છે. આ વિસ્તારના લોકોની રજુઆત મુજબ ઉપરોકત ૧૫૦ **MM** ડાયાની લગભગ ૬૦૦ મી. લાઈનને ૩૦૦ **MM** ડાયાની કરી કોર્પોરેશનની લાઈનમાં જોડવામાં આવે તો ડ્રેનેજ ઉભરાવવાની સમસ્યાનું નિરાકરણ થઈ શકે તેમ છે. તાજેતરમાં આ વિસ્તાર પૈકી ગોરવાનો વિસ્તાર વડોદરા મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલ હોય આ ડ્રેનેજ લાઈનની કામગીરી વડોદરા મહાનગરપાલિકાને ડિપોઝીટ વર્ક પેટે સોંપી કામગીરી કરાવવા તથા તેઓ ધ્વારા જરૂરી સર્વે કરી અંદાજીત ખર્ચ જણાવ્યેથી વી.એમ.સી માં તે ખર્ચ જમા કરાવવાની મંજુરી અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૫૮૧) : મોજે ગોરવા તથા ઉંડેરા ની સોસાયટીઓમાં ડ્રેનેજ ઉભરાવવાની સમસ્યાના ઉકેલ માટે ૧૫૦ **MM** ડાયાની લગભગ ૬૦૦ મીટર ડ્રેનેજ લાઈન ૩૦૦ **MM** ડાયાની બદલવાની કામગીરી વડોદરા મહાનગરપાલિકા ધ્વારા કરાવી થનાર ખર્ચ વડોદરા મહાનગરપાલિકામાં જમા કરાવવા ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે આગળ કરવાની થતી તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં. (૨૩) : વુડા વિસ્તારમાં નગર રચના યોજના માંથી પસાર થતી કેનાલને ક્રોસ કરવા માટે કરવાના થતા બ્રીજ/સાયફન/કલવર્ટની કામગીરી બાબત.

ઉપરોકત વિષય અન્વયે વુડા વિસ્તારમાં નગર રચના યોજનાઓના અમલીકરણના ભાગરૂપે રસ્તાઓની કામગીરી કરવામાં આવેલ છે. પરંતુ નિમેટા ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી. ૨, ખાનપુર-સેવાસી ટી.પી. ૧, ભાયલી ટી.પી. ૫, બીલ ટી.પી. ૧ માંથી નર્મદાની ડિસ્ટ્રીબ્યુટરી કેનાલો પસાર થાય છે. જેમાં નિયમોનુસાર જે તે સમયે કેનાલ ક્રોસીંગ માટે હયાત રસ્તાઓ પર સાયફન બનેલ છે. પરંતુ ટી.પી.સ્કીમના રસ્તાઓનું નેટવર્ક પાછળથી આવવાના કારણે ઘણી જગ્યાએ કેનાલ ક્રોસ કરવાની થાય છે. જેમાં આ કેનાલ ક્રોસ કરવા માટે સર્વ પ્રથમ સ.સ.ન.નિ.લી. ની મંજુરી મેળવવાની થાય છે. તથા તેઓ ધ્વારા સુચવ્યા મુજબ નાળા/કલવર્ટ/બ્રીજ/સાયફન માટે સર્વે કરાવી ડિઝાઈન કરી ડી.પી.આર તૈયાર કરાવી સ.સ.ન.નિ.લી. ને મંજુરી માટે મોકલી મંજુરી બાદ કામગીરી કરાવવાની થાય છે. આથી આગામી નાણાકીય વર્ષમાં આ પ્રકારની કામગીરી કરાવવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૫૮૨)** : વુડા વિસ્તારમાં નગર રચના યોજનાઓ માંથી પસાર થતી કેનાલને ક્રોસ કરવા જરૂરિયાત હોય ત્યાં, શક્ય હોય ત્યાં સાયફન બનાવવા અને સાયફન બનાવવા શક્ય ન હોય ત્યાં બ્રીજ/કલવર્ટ બનાવવા S.S.N.L માં દરખાસ્ત કરવી તથા તે મુજબ મંજુરી મેળવી ડી.પી.આર બનાવવા માટે વુડાના એમ્પેનલ્ડ પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ પાસે કામગીરી કરાવવા સર્વાનું મતે ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે આગળ કરવાની થતી તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં. (૨૪) : મોજે અટલાદરા ખાતે EWS ૪૫૮ માધવનગર તથા ૨૬૬ કેશવનગર ના આવાસોના પુન: વસન બાબત.

માન. મુખ્યમંત્રી શ્રી ના ૧૫ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે આવાસો બનાવવા માટે લક્ષ્યાંક આપવામાં આવેલ તે અન્વયે મોજે અટલાદરા સ. નં. ૪૮ ની જમીન માં ૩૩ બ્લોકમાં ૪૫૮ આવાસો તથા ૧૦ દુકાનો તથા મોજે અટલાદરા સ. નં. ૧૧ અને ૧૪ ની જમીનમાં ૧૯ બ્લોકમાં ૨૬૬ આવાસો તથા ૫ દુકાનોનું આયોજન કરવામાં આવેલ હતુ. તા. ૨૮/૦૮/૨૦૧૩ ના રોજ સવારના પ્રથમ માધવનગરનો બ્લોક નં. ૧૧ એકાએક તુટી પડેલ ત્યારબાદ થોડીવાર માં બ્લોક નં. ૧૦ પણ તુટી પડેલ જેમાં કુલ ૧૧ વ્યક્તિઓનું અવસાન થયેલ તે અન્યવે પી.આઈ.એલ ૨૩૮/૨૦૧૩ ધ્વારા ગુજરાત હાઈકોર્ટ માં કેસ દાખલ થયેલ જેનો ચુકાદો તા. ૩૦/૦૭/૨૦૧૪ ના રોજ આવેલ. જે પરત્વે કુલ ૭૨૪ (૪૫૮ + ૨૬૬) આવાસો માંથી ૪૭૭ નિયમિત લાભાર્થીઓ તથા ૨૪૬ ડિફોલ્ડર જાહેર કરવામાં આવેલ છે. સદર ૨૪૬ ડિફોલ્ડર માંથી આવાસ નં. ૧૧/૧૫૩ ના જય બહાદુર નેપાલી ના પિતા (કરણ બહાદુર), માતા (લક્ષ્મીબેન બહાદુર), ભાભી (કોમલબેન બહાદુર) તથા તેમનો ભત્રિજો (હરિશ બહાદુર) નું અવસાન થયેલ છે. તેઓ ધ્વારા માધવનગર આવાસ યોજનામાં આવાસ વેચાણથી લીધેલ છે. તથા આવાસ નં. ૧૧/૧૪૭ ક્રિષ્ણા પઢિયાર ના પિતા (નરેશભાઈ પઢિયાર) તથા માતા (સીતાબેન પઢિયાર) નું પણ અવસાન થયેલ છે તેઓ ધ્વારા હપ્તા ભરવાના બાકી હોય ડિફોલ્ડર જાહેર કરેલ છે. તે પરત્વે તેઓ ધ્વારા વિનંતી કરેલ છે કે તેઓને સદર આવાસ યોજના માં આવાસ આપવામાં આવે. તો તેઓને આવાસ આપવુ કે કેમ તે અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૫૮૩) : મોજે અટલાદરા ખાતે EWS ૪૫૮ માધવનગર તથા ૨૬૬ કેશવનગર ના લાભાર્થીઓ મળી કુલ ૭૨૪ લાભાર્થીઓ પૈકી તા. ૩૧/૦૭/૨૦૧૪ (PIL 238/2013) ના રોજ ગુજરાત હાઈ કોર્ટના ચુકાદા મુજબ ડિફોલ્ટર જાહેર થયેલ લાભાર્થીઓને આવાસો ફાળવવાના થતા નથી. આથી માધવનગર હોનારતમાં અવસાન પામેલ પરંતુ ડીફોલ્ટર જાહેર થયેલ બે પરિવારના વારસદારો જય બહાદુર નેપાલી તથા ક્રિષ્ણા પઢિયારની અરજી ગ્રાહય રાખી શકાય તેમ નથી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં. (૨૫): મોજે હરણી ટી.પી.સ્કીમ નં. ૨ માં સમાવિષ્ટ કેનાલની ઉપર ૩૦ મીટર રોડ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા બાબત.

વુડા ધ્વારા કરવામાં આવતા વિકાસના કામો અંતર્ગત હરણી ટી.પી.સ્કીમ નં. ૨ માં સમાવિષ્ટ કેનાલની ઉપર ૩૦ મીટર રોડ બનાવવા વુડા બોર્ડ બેઠક નં. ૨૩૬ માં રજુ થતા ઠરાવ ક્રમાંક નં. ૨૫૨૨ થી રસ્તો વુડા ધ્વારા બનાવવા ડી.પી.આર તૈયાર કરવા વુડાની રસ્તાની એમ્પેનલ્ડ થયેલ એજન્સીને સોંપી ડી.પી.આર અને ટેન્ડર પ્રક્રિયા તૈયાર કરવા સુધીની કાર્યવાહી કરવા ઠરાવેલ છે. જે પરત્વે વુડાની એમ્પેનલ્ડ એજન્સી જયેશ એ. દલાલ ને કામગીરી સોંપતા તેઓ ધ્વારા સદર કામનો રૂ.૧,૦૧,૨૪,૨૭૩.૭૪/- નો ડી.પી.આર તૈયાર કરેલ તેના અંદાજને વુડાની ટી.એસ કમીટી ધ્વારા તા. ૨૯/૧૧/૨૦૧૮ ના રોજ તાંત્રિક મંજુરી પણ આપવામાં આવેલ છે. અને તે મુજબ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. સદર બાબતે વુડા બોર્ડ બેઠક ૨૩૮ ના ઠરાવ ક્રમાંક નં. ૨૫૪૧ થી મંજુરી આપવામાં આવેલ છે.

આ કામગીરીના ઈજારદાર નક્કી કરવા ઓનલાઈન ટેન્ડરીંગ થી ભાવો મંગાવેલ હતા. જેમાં આવેલ બે ટેન્ડરોની ટેકનીકલ બીડ તા. ૨૩/૦૧/૨૦૧૯ ના રોજ ખોલવામાં આવેલ. જેમાં કુલ ૨ (બે) એજન્સીઓની બીડ પી.એમ.સી મારફત ચકાસણી કરી બન્ને એજન્સીને ક્વોલીફાઈ કરવામાં આવેલ હોઈ પ્રાઈઝબીડ તા. ૨૮/૦૧/૨૦૧૯ ના રોજ ખોલવામાં આવેલ જેમાં **Ms. D. B. Patel.** ની ઓફર ઓછી આવેલ છે. સદર **L1** નો ભાવ **7.16% Above** હોવાથી પ્રથમ મુખ્ય કારોબારી અધિકારીશ્રી કક્ષાએ તથા ત્યારબાદ ચેરમેનશ્રી કક્ષાએ ભાવ બાબતે વાટાઘાટો કરતા તેઓ ધ્વારા એસ.ટી.મેટ ભાવ થી કામગીરી કરવા માટેની સંમતિ દાખવેલ હતી. તે મુજબ તા. ૧૧/૦૨/૨૦૧૯ ના રોજ ટેન્ડર કમિટી સમક્ષ રજુ કરતા ટેન્ડર કમીટી ધ્વારા **L1** ધ્વારા સંમતિ આપેલ ઓફર મુજબ અંદાજીત ભાવથી કામગીરી સોંપવા નિર્ણય કરેલ છે આ વિસ્તાર તા. ૦૫/૦૨/૨૦૧૯ ના જાહેરનામાથી વડોદરા મહાનગરપાલિકામાં ભળેલ છે. પરંતુ આ અગાઉનો જાહેરહિતનો પ્રશ્ન હોય તથા ટેન્ડર પ્રક્રિયાની કામગીરી પુર્ણ થયેલ હોઈ **L1** ને કામગીરી સોંપવા જાણ કરી **EMD** ભરપાઈ કરી એગ્રીમેન્ટ કરવા જણાવેલ છે. જે મુજબ થયેલ કામગીરીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક: (૨૫૮૪)** હરણી ટી.પી.સ્કીમ નં. ૨ માં સમાવિષ્ટ કેનાલની ઉપર ૩૦ મીટર રોડ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયાથી નક્કી થયેલ ઈજારદારશ્રી (L1) માટે કરવામાં આવેલ તમામ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તથા આ કામગીરી સોંપવા કરવાની થતી આગળની કાર્યવાહીની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં. (૨૬): મોજે બીલ – ચાપડ ખાતે સૂચિત નગર રચના યોજના નં.-૨૭ એ (બીલ), ૨૭/બી(બીલ) ૨૭/સી (ચાપડ), ૨૭/ડી (ચાપડ) તેમજ મુસદ્દારૂપ નગર રચના યોજનાનં. ૨૪/એ, નગર રચના યોજનાનં.૨૪/બી (કન્વેન્શન સેન્ટર) ને અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ પરામર્શ મેળવવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના પશ્ચિમ ભાગમાં સમીયાલા-બીલ ગામને અડીને આવેલ નગર રચના યોજના નં.૧ (બીલ) તથા નગર રચના યોજના નં.૨૧ (સમીયાલા-બીલ) સિવાયનો બીલનો વિસ્તાર તથા ચાપડ આખા ગામના વિસ્તારમાં નગર રચના યોજના બનાવવા વુડા બોર્ડ બેઠક નં.૨૩૪, તા.૧૩-૧૦-૨૦૧૭ ના ઠરાવ નંબર (૨૪૫૩) થી ઠરાવવામાં આવેલ, સૂચિત નગર રચના યોજના નં.૨૭ (બીલ-ચાપડ)ની અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગરનો હદ પરામર્શ મેળવવા અત્રેની કચેરીના પત્ર નં.યુડીએ/પ્લાન-૪/૨૦૨/૨૦૧૭, તા.૨૭/૧૧/૨૦૧૭ થી દરખાસ્ત પાઠવવામાં આવેલ સદર દરખાસ્તને મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત ગાંધીનગરે તેઓશ્રીની કચેરીના પત્ર નં.નરયો/નં.૨૭ (બીલ-ચાપડ) ૪૧(૧)/પરામર્શ/ વડોદરા/દ.ગુ./૪૩૧, તા.૨૪-૧-૧૮ થી સૂચિત નગર રચના યોજના નં.૨૭ (બીલ-ચાપડ) ની દક્ષિણે સમાવિષ્ટ થતી પ્રતિબંધિત વિસ્તાર-૧ ની જમીનમાં થયેલ કન્ટુર સર્વેના આધારે ડુબાણમાં ન જતી હોય તેવી જમીનોને રહેણાંક ઝોન આર-૩ માં અધિનિયમની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરાવી, ડુબમાં જતી જમીનો અંગે સિંચાઇ વિભાગ માંથી માહિતી મેળવ્યા બાદ ઝોનફેર કરીને આ જમીન પુરતી વેરીડ યોજના બનાવવાની થાય, હાલમાં બનાવવામાં આવનારી યોજનામાં આ જમીન માટે યથાવત સ્થિતી જાળવવાની શરતે હદ પરામર્શ આપવામાં આવેલ, ડુબમાં જતી જમીનોની હદ નક્કી કરવા બાબતે અત્રેથી કાર્યપાલક ઇજનેરશ્રી, વડોદરા સિંચાઇ વિભાગનો અભિપ્રાય મેળવવા તા.૩૦/૧/૨૦૧૮ થી વિભાગીય નકશા તથા કન્ટુરમેપ સહિત દરખાસ્ત પાઠવવામાં આવેલ તથા રૂબરૂ પણ સંપર્ક કરવામાં આવતાં કાર્યપાલક ઇજનેરશ્રી વડોદરા સિંચાઇ વિભાગ દ્વારા તેઓશ્રીની કચેરીના પત્ર નં. વસિંવિ/પીબી-૨/વુડા/નરયો-૨૭/બીલ-ચાપડ/૧૬૦૦/અને ૨૦૧૮, તા.૧૫/૦૫/૨૦૧૮ થી નગર રચના યોજના નં.૨૭ (બીલ-ચાપડ) ની દક્ષિણે સમાવિષ્ટ થતી પ્રતિબંધિત વિસ્તાર-૧ ની જમીનો પૈકિનો સંભવિત ડુબમાં જતો વિસ્તાર તેની હદ નક્કી કરી અહેવાલ / અભિપ્રાય આપી શકાય તેમ નથી તેમ જણાવવામાં આવેલ. જેથી ડુબમાં જતી જમીનની હદ નક્કી કરવામાં સમય વ્યતિત થાય તેમ હોય તેમજ હાલમાં થઇ રહેલ ઝડપી વિકાસને ધ્યાને લઇ, મુખ્ય નગર નિયોજકશ્રીએ આપેલ પરામર્શ મુજબ યોજનાનું કુલ ક્ષેત્રફળ અંદાજે ૧૧૦૦ હેકટરને ચાર સૂચિત નગર રચના યોજના – ૨૭/એ (બીલ) ક્ષે-૩૨૪.૦ હેકટર ૨૭/બી ક્ષે.૨૭૮.૦ હેકટર, ૨૭/સી (ચાપડ) ક્ષે.૨૩૬.૦ હેકટર ૨૭/ડી ક્ષે.૧૯૬.૦ હેકટર એમ કુલ ચાર સૂચિત નગર રચના યોજનાઓમાં વિભાજીત કરી મુખ્ય નગર નિયોજકશ્રીને દરખાસ્ત પાઠવવામાં આવતાં મુખ્ય નગર નિયોજકશ્રીએ તેઓશ્રીની કચેરીના તા.૧૮-૧-૧૯ ના પત્રથી અગાઉ તેઓશ્રીની કચેરીના તા.૨૪/૦૧/૧૮ ના પત્રથી આપેલ હદ પરામર્શ મુજબ કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે, અગાઉ આપેલ હદ પરામર્શ મુજબ યોજના બનાવવામાં ખુબ સમય વ્યથિત થાય તેમ છે તેમજ જમીન માલિકો અને મુળખંડની સંખ્યા ખુબ જ વધુ હોઇ કાયદાકિ પ્રશ્નો ઉપસ્થિત થાય તેમ હોય પ્રતિબંધીત વિસ્તાર ૧ ની જમીનોને બાદ કરી બાકી રહેતી નકશામાં દર્શાવેલ જમીનોમાં સૂચિત નગર રચના યોજના નં.૨૭ (બીલ-ચાપડ)ને સૂચિત નગર રચના યોજના, ૨૭/એ, ૨૭/બી, ૨૭/સી, ૨૭/ડી એમ ચાર ભાગમાં વહેચવા તેમજ સૂચિત

નગર રચના યોજના નં.૨૪ (કન્વેન્શન સેન્ટર) ને મુખ્ય નગર નિયોજકશ્રીએ તેઓશ્રીની કચેરીના પત્ર નં.નરયો/નં.૨૪ કન્વેન્શન સેન્ટર (ગોકળપુરા-રાયપુરા-ભાયલી-મહાપુરા-સેવાસી-ખાનપુર-અંકોડીયા)/પરામર્શ/વડોદરા /દ.ગુ./ ૪૪૪, તા.૨૪/૧/૧૮ થી શરતી પરામર્શ આપેલ છે, જેનું અંદાજે ક્ષેત્રફળ ૧૨૨૦.૦૦ હેકટર છે. મૂળખંડોની સંખ્યા ખૂબ જ વધું હોય, વધુ ગામોના સીમાડા ભેગા થતા હોય અંતિમખંડોની ફાળવણી એક બીજા ગામમાં થવાની શકયતાના કારણે તથા રેકર્ડ નિભાવણી દુરસ્તીના પ્રશ્નો ઉપસ્થિત થાય તેમ હોય તે સંજોગોમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪ (કન્વેન્શન સેન્ટર) સૂચિત નગર રચના યોજના નં.૨૪/એ (અંકોડીયા-ખાનપુર-મહાપુરા-સેવાસી) ક્ષે.૬૦૧.૦૦ હેકટર તેમજ સૂચિત નગર રચના યોજના નં.૨૪/બી (ભાયલી,રાયપુરા,ગોકળપુરા) ક્ષે.૬૨૪.૦ હેકટર એ બે ભાગમાં વહેચી. અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજય, ગાંધીનગરનો પરાર્મશ મેળવવા ચર્ચા વિચારણા તથા નિર્ણય કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૫૮૫)**: મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭ (બીલ-ચાપડ) ને વિભાજન કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭/એ (બીલ), ૨૭/બી (બીલ), ૨૭/સી (ચાપડ), ૨૭/ડી (ચાપડ) કરવા બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી ચર્ચાના અંતે ઠરાવવામાં આવ્યું કે પ્રતિબંધિત વિસ્તાર-૧ ની સમાંતર ૬૦.૦ મી. વિકાસ યોજનાના રસ્તાથી આશરે ૫૦૦.૦૦ મી જમીનો સૂચિત નગર રચના યોજના નં. ૨૭/ડી માટે હાલ પુરતી બાકાત રાખી બાકિની રહેણાંક ઝોન વાળી જમીનોમાં સૂચિત નગર રચના યોજના નં. ૨૭/એ, ૨૭/બી, ૨૭/સી, અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ હદ પરામર્શ મેળવવા દરખાસ્ત પાઠવવી, મુખ્ય નગર નિયોજકશ્રી દ્વારા હદ પરામર્શ આપ્યેથી યોજનાઓનો ઇરાદો જાહેર કરવાની સત્તા અધ્યક્ષશ્રી વુડાને સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪/એ (કન્વેન્શન સેન્ટર) (અંકોડીયા-ખાનપુર-મહાપુરા-સેવાસી) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪/બી (કન્વેન્શન સેન્ટર) (ભાયલી-ગોકળપુરા-રાયપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ તા.૧૮/૦૨/૨૦૧૯ થી પરામર્શ આપેલ હોય ફેર પરામર્શ અર્થે ન પાઠવતા મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ આપેલ પરામર્શમાં દર્શાવેલ હદો તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નં. (૨૭): વિષયઃ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૫-૦૧-૨૦૧૯ ના જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૫ ઓફ ૨૦૧૯/ઇડીબી-૧૦૨૦૧૬-૩૬૨૯-લ તથા તા.૦૧/૦૨/૨૦૧૯ રોજના હુકમ ક્રમાંક ઇડીબી-૧૦૨૦૧૬-૩૬૨૯-લ ને અમલ કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં વિકાસ પરવાનગી અર્થે રજુ થતા પ્રકરણોમાં સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય ગાંધીનગરના તા.૧૨/૧૦/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૨૬૯/ઓફ-૨૦૧૭/ઇડીબી-૧૦૨૦૧૬-૩૬૨૯-લ થી કોમ્પ્રીહેન્સીવ જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન (સી.જી.ડી.સી.આર.) અમલમાં આવેલ જેમાં સમયાંતરે સુધારાઓ થઇ હાલમાં સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૫-૦૧-૨૦૧૯ ના જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૫ ઓફ ૨૦૧૯/ઇડીબી-૧૦૨૦૧૬-૩૬૨૯-લ તથા તા.૦૧/૦૨/૨૦૧૯ રોજના હુકમ ક્રમાંક ઇડીબી-૧૦૨૦૧૬-૩૬૨૯-લ થી સદર (સી.જી.ડી.સી.આર.) ને અમલ કરવા હુકમ કરેલ છે. જે અન્વયે સી.જી.ડી.સી.આર.નો અમલ ચાલુ કરેલ છે, જે વુડા બોર્ડના સભ્ય સમક્ષ જાણ કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક ( ૨૫૮૬ )** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં વિકાસ પરવાનગી અર્થે રજુ થતા પ્રકરણોમાં સરકારશ્રીના દ્વારા જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૫ ઓફ-૨૦૧૯/ઇડીબી-૧૦૨૦૧૬-૩૬૨૯-લ તથા તા.૦૧/૦૨/૨૦૧૯ રોજના હુકમ ક્રમાંક ઇડીબી-૧૦૨૦૧૬-૩૬૨૯-લ થી સદર (સી.જી.ડી.સી.આર.) ને અમલ કરવા વુડા બોર્ડના સર્વ સભ્યો સમક્ષ ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં. (૨૮): વિષય: શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૦૫/૦૨/૨૦૧૯ ના રોજના જાહેરનામા ક્રમાંક KV/26/2019/VMN/902016/2275/P થી (પરિશિષ્ટ-૪) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં પરંતુ વડોદરા મહાનગર સેવા સદનના હદ વિસ્તારની બહારના "Outgrowth Area" ને વડોદરા મહાનગર સેવાસદનના હદ વિસ્તારમાં સમાવેશ થવાથી વડોદરા મહાનગર સેવા સદનને સત્તાસોંપણી કરવા બાબત.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૦૫/૦૨/૨૦૧૯ ના રોજના જાહેરનામા ક્રમાંક KV/26/2019/VMN/902016/2275/P થી (પરિશિષ્ટ-૪) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં પરંતુ વડોદરા મહાનગર સેવા સદનના હદ વિસ્તારની બહારના "Outgrowth Area" તરીકે ઓળખાતા નીચે જણાવેલ છ ગામોના બાકી રહી ગયેલા તમામ રેવન્યુ વિસ્તારોને વડોદરા મહાનગર સેવાસદનના હદ વિસ્તારમાં ભેળવવા સારૂ વડોદરા મહાનગર સેવાસદનની હદ વધારવામાં આવેલ છે. જેના નકશાની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

| અનુ નં. | ગામનું નામ | વુડા હસ્તક કાર્યવાહી હેઠળના દફતરે કરેલ પ્રકરણો સિવાયના પ્રકરણોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | વિકાસ પરવાનગી | પ્લીન્થ ચેક પ્રમાણપત્ર | ઓક્યુપન્સી પ્રમાણપત્ર |
| (૧) | ગોરવા | ૧ | ૧ | ૧ |
| (૨) | હરણી અને દરજીપુરા | ૧ | | |
| (૩) | સમા | ૧ | | |
| (૪) | તરસાલી | ૨ | | |
| (૫) | બાપોદ | - | | |
| (૬) | કલાલી | ૧૦ | ૨ | ૧ |
| | કુલ | ૧૫ | ૩ | ૨ |

જેથી ઉકત ગામોની સ્થિત થતી જમીનો હાલમાં કેટલીક જમીનોમાં નગર રચના યોજના વિસ્તારમાં સ્થિત થયેલ છે અને કેટલીક જમીનો નોન ટી.પી. વિસ્તારમાં સ્થિત થાય છે.તેમજ કેટલીક નગર રચના યોજનાઓ નગર રચના અધિકારીશ્રી હસ્તક આખરી થવાની કાર્યવાહી હેઠળ છે.

તદઉપરાંત ઉકત ગામની જમીનોમાં ઉપર દર્શાવ્યાનુસારના વિવિધ વિકાસ પરવાનગી પ્લીન્થ ચેક પ્રમાણપત્ર અને ઓક્યુપન્સી પ્રમાણપત્ર મેળવવા સારૂ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરી ખાતે મંજૂરી આપવા અંગેની કાર્યવાહી હેઠળ / પ્રગતિ હેઠળ છે. જેથી વિવિધ અરજદારશ્રીઓ / મિલકતધારકો / ડેવલોપર્સને ઉક્ત વિકાસ પરવાનગીના પ્રકરણોમાં મુશ્કેલી ન પડે તે હેતુથી બોર્ડ સમક્ષ ઓનલાઇન ડેવલપમેન્ટ પરમીશન અને ઓફલાઇન ડેવલપમેન્ટ પરમીશનની કામગીરી સરળતાથી ચાલી શકે તે માટે હાલના વિકાસ પરવાનગીના ચાલુ પ્રકરણોએ જરૂરી કાર્યરીતિને અનુસરવા અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૮ (૧) થી પછીની તમામ જોગવાઇઓની અને નિયમો-૧૯૭૯ ની જોગવાઇઓ અનુસારની વિકાસ પરવાનગી આપવાની, તથા બિન-અધિકૃત વિકાસ કામો / દબાણો દૂર કરવા, વિકાસ કામો કરવા, નગર રચના યોજના અને વિકાસ યોજનાના અમલીકરણ કરવા સહિતની તમામ સત્તાઓ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવાસદનને સુપ્રત કરવા બાબતે જરૂરી અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૫૮૭)**: શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૦૫/૦૨/૧૯ ના રોજના જાહેરનામા ક્રમાંક KV/26/2019/VMN/902016/2275/P થી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં પરંતુ વી.એમ.સી.ના હદ વિસ્તારની બહારના "Out growth area" ને વડોદરા મહાનગર સેવાસદનના હદ વિસ્તારમાં સમાવેશ થવાથી વી.એમ.સી ને સત્તાસોંપણી કરવા બાબતે વુડા બોર્ડના સર્વ સભ્યો સમક્ષ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી, તેમાં હાલમાં વુડા ખાતે આપેલ વિકાસ પરવાનગીના તમામ પ્રકરણો જે તે સ્થિતિએ વી.એમ.સી ને સુપ્રત કરવાનું ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં. (૨૯): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની પ્રવર્તમાન વિકાસ યોજના ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૧ હેઠળ પુનરાવર્તિત કરવા તથા નગર રચના યોજનાઓનું આયોજન કરવાનાં કામે સેવાઓ લેવા બાબત.

ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૭ હેઠળ મંજુર કરાયેલ અને અત્યારે હાલમાં અમલી દ્વીતિય પુનરાવર્તિત વિકાસ યોજના સરકારશ્રી દ્વારા તા.૧૮/૦૧/૨૦૧૨ થી મંજુર કરવામાં આવેલ. જેને તૃતીય પુનરાવર્તિત કરવાનું વુડાની તા.૧૪/૧૨/૨૦૧૮ ની બોર્ડ બેઠક ૨૩૮ ઠરાવ ક્રમાંકનં.૨૨૫૬ થી ઠરાવવામાં આવેલ છે. તેમજ વુડા દ્વારા લગભગ ૮૦૦૦ હેકટર વિસ્તારમાં નગર રચના યોજનાઓનું આયોજન કરવાની કામગીરી ચાલુમાં છે.

વુડાની તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના તેમજ સૂચિત નગર રચના યોજનાઓ બનાવવાની કામગીરી સમયમર્યાદામાં ઝડપથી અને સારી રીતે પૂર્ણ કરવાની રહે છે. આ વિકાસ યોજનામાં વિવિધ પ્રકારના બધા જ સેકટર જેવા કે ફ્રેઇટ કોરીડોર, બુલેટ ટ્રેન, આઇ.ટી.હબ, રીંગરોડસ, વિગેરેના કોન્સ્પેટને આવરી લેવાના થાય છે. તેમજ પુનરાવર્તિત વિકાસ યોજના તૈયાર કરવાની સમગ્ર કામગીરી જી.આઇ.એસ. સોફ્ટવેરમાં કરવાની થાય છે. જે માટે હાલમાં વુડામાં જી.આઇ.એસ. જાણકાર વ્યક્તિઓ ઉપલબ્ધ નથી. હાલમાં વુડાની મંજૂર જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | હોદ્દો | વુડાની કુલ મંજુર જગ્યાઓ | હાલમાં ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|---|
| (૧) | જુનિયર નગર નિયોજક | ૬ | ૪ |
| (૨) | પ્લાનીંગ આસીસ્ટન્ટ | ૧૬ | ૨ |
| (૩) | ઓટોકેડ ઓપરેટર | - | - |
| (૪) | કોમ્પ્યુટર ઓપરેટર | ૮ | ૦ |

વુડાની તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના તેમજ સૂચિત નગર રચના યોજનાઓ બનાવવાની કામગીરી માટે વુડામાં જી.આઇ.એસ. જાણકાર વ્યક્તિઓ તેમજ અન્ય ઉચ્ચ/ખાસ કૌશલ્ય ધરાવતી વ્યક્તિઓની તાકીદી જરૂરીયાત હોઇ નીચે દર્શાવેલ વિગતેનું ડી.પી./ટી.પી. યુનિટ બનાવી સેવા લેવાનું અનિવાર્ય જણાય છે:

| ક્રમ | હોદ્દો | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | વુડામાં સૂચિત પગાર (હંગામી) (રૂપિયામાં) | પગાર (ઔડા/સુડા) (રૂપિયામાં) | નિમણૂંક્ની સૂચિત પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અર્બન પ્લાનર | ૫ | B.Arch or BE Civil with post graduation in urban & Regional Planning.<br>Preference shall be given to candidate having knowledge GIS. | ૩૫૦૦૦ | ૩૯૧૩૧ (૧/૧૦/૨૦૧૮ ની સ્થિતિએ)<br>૩૦૦૦૦ (૨૦૧૪ ની સ્થિતિએ) | ૧૧ મહિનાના કરાર આધારિત |
| ૨ | જી.આઇ.એસ એનાલીસ્ટ | ૨ | Masters in Geomatics or Geography or<br>PG Diploma in remote sensing and GIS.<br>Preference shall be given to candidate having knowledge of Autocad. | ૩૦૭૫૦ | ૩૦૭૪૬(૧/૧૦/૨૦૧૮ ની સ્થિતિએ)<br>૨૦૦૦૦ (૨૦૧૪ ની સ્થિતિએ) | |
| 3 | જી.આઇ.એસ ઓપરેટર | ૨ | Certificate course in GIS.<br>Preference shall be given to candidate having knowledge of Autocad. | ૨૦૦૦૦ | -<br>૧૫૦૦૦ (૨૦૧૪ ની સ્થિતિએ) | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | પ્લાનીંગ આસીસ્ટન્ટ | ૧૦ | B.Arch or BE Civil Preference shall be given to candidate having knowledge of Autocad and Gujarati-English Typing. | ૧૮૪૮૦ | ૧૮૪૮૦(૧/૧૦/૨૦૧૮ ની સ્થિતિએ)<br>- | હાલમાં વુડાની આઉટ સોર્સિંગ એજન્સી મારફત |
| ૫ | ઓટોકેડ ઓપરેટર | ૫ | Diploma in Architecture or Diploma in Civil | ૧૬૦૦૦ | ૧૬૦૭૨(૧/૧૦/૨૦૧૮ ની સ્થિતિએ)<br>- | |
| ૬ | કોમ્પ્યુટર ઓપરેટર | ૫ | હાલમાં વુડાની અમલી પદ્ધતિ મુજબ | | | |

સુરત શહેરી વિકાસ સત્તામંડળની પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૧૪ તૈયાર કરવાના કામે સેવાઓ લેવા બાબતે સુરત શહેરી વિકાસ સત્તામંડળમાં પણ યુનિટની રચના કરવામાં આવેલ જેના ઠરાવની નકલ આ સાથે સામેલ છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઇ વુડાની તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના તેમજ નગર રચના યોજના બનાવવાની કામગીરી માટે ઉપર મુજબનું યુનિટ બનાવવા અને તે અંગે કર્મચારીઓની સેવા લેવા અંગે વુડાના બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે સાદર રજુ.

**ઠરાવ ક્રમાંક (૨૫૮૮)**: વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની સરકારશ્રી દ્વારા ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૭ હેઠળ તા.૧૮/૦૧/૨૦૧૨ થી મંજુર કરવામાં આવેલ હાલમાં અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનાને તૃતીય પુનરાવર્તિત કરવાની કામગીરી તેમજ ૮૦૦૦ હેકટર વિસ્તારમાં નગર રચના યોજનાઓનું આયોજન કરી તૈયાર કરવાની કામગીરી સમયમર્યાદામાં ઝડપથી અને સારી રીતે જી.આઇ.એસ. સોફ્ટવેરમાં પૂર્ણ કરવાની રહેતી હોઇ તેમજ આ વિકાસ યોજનામાં વિવિધ પ્રકારના બધા જ સેકટર જેવા કે ફ્રેઇટ કોરીડોર, બુલેટ ટ્રેન, આઇ.ટી.હબ, રીંગરોડસ, વિગેરેના કોન્સ્પેટને આવરી લેવાની બાબત અને જી.આઇ.એસ. જાણકાર વ્યક્તિઓ તેમજ અન્ય ખાસ કૌશલ્ય ધરાવતી વ્યક્તિઓની તાકીદી જરૂરીયાતને ધ્યાને લઇ વુડાના બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે મુદ્દામાં દર્શાવેલ વિગતેનું ડી.પી./ટી.પી. યુનિટ બનાવવાનુ અને તે પૈકી ક્રમાંક (૧) થી (૪) જગ્યાઓને તદ્દન હંગામી ધોરણે એટલે કે ૧૧ મહિનાના કરાર આધારિત તથા ક્રમાંક (૫) અને (૬) ને હાલમાં વુડાની અમલી પદ્ધતિ મુજબ એટલે કે આઉટ સોર્સિંગ એજન્સી મારફત ભરવાનું ઠરાવવામાં આવ્યુ. તેમજ તેઓની સેવા લેવા માટે પસંદગી કમિટી બનાવવાનું અને આ અંગેની સઘળી કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવાનું ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નં. (૩૦): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજુર + અમલી વિકાસ યોજના મુજબના ૪૦.૦૦ મી. પહોળા સુચિત ડી.પી. રસ્તાની પહોળાઈ ૭૫.૦૦ મીટર કરવાથી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧ (અંકોડીયા) ની નગર રચના અધિકારીશ્રીએ અત્રે પાઠવેલ કામ ચલાઉ પુન: રચના યોજનાની દરખાસ્તો પરત્વે ઉક્ત રસ્તા રેષાની અસર થવાથી પુન: કામચલાઉ દરખાસ્ત તૈયાર કરીને પરામર્શ મેળવવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર અમલી વિકાસ યોજના મુજબના ૪૦.૦ મીટર પહોળા સૂચિત વરણામા થી ધનોરા ગામ સુધીના રસ્તારેષાની પહોળાઇ વધારીને ૭૫.૦ મીટરની કરવા સારૂ વુડાની અગાઉ તા.૧૩/૧૦/૨૦૧૭ ના રોજ મળેલ ૨૩૪ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૪૬૦ થી ઠરાવવામાં આવેલ હતું. સદરહું ૭૫.૦ મીટર પહોળાઇની સૂચિત રસ્તારેષાની અસર આ સાથે સામેલ રાખેલ વિકાસ યોજનાના પાર્ટ-પ્લાન તેમજ સરકારશ્રી દ્વારા મંજુર કરાયેલી અને હાલમાં નગર રચના અધિકારી હસ્તક કામચલાઉ પુન:રચનાની કામગીરી સારૂ કાર્યવાહી હેઠળની નગર રચના યોજના નંબર-૧ (અંકોડીયા) માં તથા તેને લાગુ સમાવિષ્ટ થતા મોજે – અંકોડીયાના બ્લોક/ રે.સ.નં.૭૧,૭૩, ૭૫, ૭૮, ૭૬, ૩૫, ૩૪, ૮૪, ૮૩, ૮૮, ૮૯, ૯૦, ૯૨, ૮૫, ૯૭, ૯૮, ૯૭, ૯૬ વિગેરે તેમજ મોજે ખાનપુર ગામની નોન ટી.પી. વિસ્તારની જમીનોને સદરહું ૭૫.૦૦ મીટર પહોળો સુચિત રસ્તાની અસર થતી હોવાથી સત્તામંડળ દ્વારા મોજે ખાનપુરના બ્લોક નં. ૧૦૮ ની જમીનમાં આપવામાં આવેલ રહેણાંક હેતુના ટેનામેન્ટસ પૈકી અસર પામતા પ્લીન્થ સુધી થયેલ વિકાસ કામોવાળા મકાનો પુરતી વિકાસ પરવાનગી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ તથા નિયમો ૧૯૭૯ ની જોગવાઈઓ પરત્વે કલમ ૩૩(૧) ની જોગવાઈ હેઠળ શરૂ કરેલ વિકાસ કામ અત્રેના તા.૩૦/૦૧/૨૦૧૯ ના રોજના હુકમ ક્રમાંક યુડીએ/પ્લાન-૬/૯૧/૨૦૧૯ થી સ્થગિત કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે (પરિશિષ્ટ-૫) તરીકે સામેલ કરેલ છે.

વધુમાં નગર રચના અધિકારીશ્રી, નગર રચના યોજના નં. ૧ (અંકોડીયા) દ્વારા તૈયાર કરવામાં અવેલ કામચલાઉ પુન: રચના યોજનાની દરખાસ્તો ઉપર વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ પાસેથી રસ્તા + રીઝર્વેશન સારૂ તા.૧૨/૧૨/૨૦૧૮ ના રોજના તેઓના પત્ર ક્રમાંક નરયો/વડોદરા નં. ૧/અંકોડીયા/કા.પુ./૫૯૯૦ થી પરામર્શ માંગેલ છે. પરંતુ સદરહું નગર રચના યોજના નં. ૧ (અંકોડીયા) માંથી પસાર થતા સુચિત ૪૫.૦૦ મી.ના રસ્તારેખાને બદલે ૭૫.૦ મી. પહોળાઈની રસ્તા રેષા થવાના કારણોસર સદરહું નગર રચના યોજનામાંની જમીનોને અસર થતી હોઈ, ઉક્ત કામચલાઉ પુન: રચના યોજનાની દરખાસ્ત પરત્વે આયોજનની દૃષ્ટીએ અને કાયદાકીય જોગવાઈઓ અનુસાર ફેરફાર કરવા પડે તેમ હોવાથી સમગ્ર કામચલાઉ પુન: રચના યોજનાની સુચિત દરખાસ્તો પરત્વે અત્રેથી અભિપ્રાય હાલમાં આપી શકાય તેમ ન હોવાથી તદઅનુસાર અભિપ્રાય નગર રચના અધિકારીશ્રીને પાઠવી આપવા અંગેની સત્તા માનનીય મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા સારૂ. જરૂરી અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૫૮૯)**: વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજુર અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં સૂચવેલ ૪૦.૦૦ મી પહોળાઇના રસ્તાને ૭૫.૦૦ મી પહોળાઇનો સુચવવાથી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧ (અંકોડીયા) માટે નગર રચના અધિકારીશ્રીએ સત્તામંડળના અંતિમખંડો તથા સૂચિત રસ્તાઓના પરામર્શ અર્થે અત્રે પાઠવેલ કામચલાઉ પુન:રચનાની દરખાસ્તોમાં ફેરફાર કરવાનો થતો હોઇ સૂચિત ૭૫.૦૦ મી ના રસ્તારેષાની દરખાસ્તો મુજબ દરખાસ્તો તૈયાર કરવા નગર રચના અધિકારીશ્રીને જણાવવા ઠરાવવામાં આવ્યું તથા સૂચિત ૭૫.૦૦ મી ના રસ્તાની અસર દર્શાવી કામ ચલાઉ પુન: રચનાની દરખાસ્તને અનુમોદન આપવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને વુડાને સુપ્રત કરવામાં આવી.

અધ્યક્ષ સ્થાનેથી

મુદ્દા નં. (૧): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવિષ્ટ મોજે કોયલી તથા ઉંડેરા વિલેજ એક્ષ્ટેન્શન વિસ્તારમાં આવતી જમીનોમાં સૂચિત નગર રચના યોજના નં.૪૨ (કોયલી) તથા સૂચિત નગર રચના યોજના નં.૪૩ (ઉંડેરા-અંકોડીયા) નો ઇરાદો જાહેર કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ મોજે કોયલી ગામની સેન્સસ-૨૦૧૧ મુજબ વસ્તી ૧૦૬૯૧ તથા ઉંડેરા ગામની વસ્તી ૧૬૯૦૨ છે, વુડાના મંજુર અમલી સી.જી.ડી.સી.આર મુજબ ગામની વસ્તી ૫૦૦૦ થી વધુ હોય તો ગામતળથી ૬૦૦ મીટર વિસ્તારમાં ખેતીવાડી ઝોનમાં એફ.એસ.આઇ ૧.૬ ની મર્યાદામાં રહેણાંકના હેતુ માટે વિકાસ પરવાનગી આપવાની જોગવાઇ છે, સદર વિસ્તારોમાં ઝડપી વિકાસની વિગતો ધ્યાને લઇ આ વિસ્તારોમાં સુઆયોજીત વિકાસ થાય તે માટે વુડાની બોર્ડ બેઠક નં.૨૩૮, તા.૧૪/૧૨/૧૮ ઠરાવ નંબર (૨૫૫૩) થી સૂચિત નગર રચના યોજના નં.૪૨ (કોયલી) ક્ષેત્રફળ:૧૯૦ હેકટર તથા સૂચિત નગર રચના યોજના નં.૪૩ (ઉંડેરા-અંકોડીયા) ક્ષેત્રફળ:૧૬૦ હેકટર બનાવવાનું ઠરાવવામાં આવેલ સૂચિત નગર રચના યોજના તૈયાર કરવાના કામે અનુક્રમે અત્રેની કચેરીના પત્ર નં.યુડીએ/પ્લાન-૪/૧૮૫/૨૦૧૯, તા.૧૩/૦૨/૨૦૧૮ તથા પત્ર નં.યુડીએ/પ્લાન-૪/૧૮૪/૨૦૧૯, તા.૧૩/૦૨/૨૦૧૮ થી અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ હદ પરામર્શના કામે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગરને દરખાસ્ત પાઠવવામાં આવેલ, મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા તેઓશ્રીની કચેરીના પત્ર નં.વડોદરા/નરયોનં.૪૨(કોયલી) પરામર્શ/દ.ગુ./૧૦૦૬,તા.૨૦/૦૨/૨૦૧૯ તથા પત્ર નં. વડોદરા/નરયોનં.૪૩(ઉંડેરા-અંકોડીયા) પરામર્શ/દ.ગુ./૧૦૦૫,તા.૨૦/૦૨/૨૦૧૯ થી નગર રચના યોજના તૈયાર કરવાના કામે હદ પરામર્શને અનુમોદન અપાયેલ છે, જેથી યોજનાઓનો ઇરાદો જાહેર કરવા સંબંધી કાર્યવાહિ કરવાની થાય છે, યોજનાનો ઇરાદો જાહેર કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૫૯૦):** મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૨ (કોયલી) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૩ (ઉંડેરા-અંકોડીયા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ આપેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું તથા મોજે ઉંડેરાના વિલેજ એક્ષ્ટેન્શન વિસ્તારને લાગુમાં આવતી મોજે ઉંડેરા તથા અંકોડીયાની રહેણાંક ઝોનમાં આવતી જમીનોનો સમાવેશ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૩ (ઉંડેરા-અંકોડીયા) માં સમાવવા ઠરાવવામાં આવ્યું. આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી.

અધ્યક્ષ સ્થાને

મુદ્દા ( ૨ ): વુડા વિસ્તારમાં મોજે ભાયલી તથા સેવાસીની જમીનોમાં રીઝર્વ રાખેલ જમીનોમાં કન્વેશન સેન્ટર બનાવવા આયોજન હાથ ધરવા બાબત.

વુડા વિસ્તારમાં વિવિધ મનોરંજન કાર્યક્રમો, વિવિધ વ્યવસાયિક કાર્યકમો/પ્રદર્શનો વગેરે માટે વુડાની દ્વિતિય પુનરાવર્તીત વિકાસ યોજનામાં લગભગ ૪૮.૦૦ હેકટર જેટલી જમીનો કલ્ચરલ સેન્ટર અને કન્વેશન હોલ તથા ગાર્ડન અને ઓડીટોરીયમ માટે અનામત રાખવામાં આવેલ છે. વડોદરા શહેરમાં તથા પેરીફેરીમાં ખુબ ઝડપી વિકાસ થયેલ હોઈ, હવે વિવિધ મનોરંજન કાર્યક્રમો, તથા વ્યવસાયિક કાર્યકમો/પ્રદર્શનો વગેરે માટે હવે જમીનો ઉપલબ્ધ નથી આથી વડોદરા શહેરની નજીકમાં કન્વેશન સેન્ટર બને તે અત્યંત જરૂરી હોઈ, વુડાની વિકાસ યોજનામા અનામત રાખેલ જમીનોમાં બે ટી.પી. સ્કીમ નં. ૨૪ એ તથા ૨૪ બી બનાવી જમીનો પ્રાપ્ત કરી પ્રથમા તબક્કામાં કન્વેશન સેન્ટર બનાવવાનું ભવિષ્યના પ્રોજેક્ટ તરીકે વિચારણામાં છે. જે પરત્વે પ્રાથમિક તબ્બકે આ જમીનોમાં કન્વેશન સેન્ટરનુ આયોજન કરવા માટે ડીઝાઈન કરાવી, ડી. પી. આર. તૈયાર કરાવવા આર્કિટેક તથા પી.એમ.સી. ની નિમણુક કરવાની જરૂરિયાત છે. તે અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૫૯૧)**: વુડા વિસ્તારમાં મોજે ભાયલી તથા સેવાસીની જમીનોમાં વિકાસયોજનામાં રીઝર્વેશનમાં રાખેલ જમીનોમાં કન્વેશન સેન્ટર બનાવવા માટે વુડામાં એમ્પેનલ્ડ આર્કીટેકટ પાસે ડિઝાઈન તૈયાર કરાવી તે મુજબ કામગીરી કરાવવા માટે સ્થળ સ્થિતિનો અભ્યાસ કરી કન્સલટન્ટ મારફત ડી.પી.આર તૈયાર કરાવવા અંગે થનાર ખર્ચની સૈધ્ધાંતિક મંજુરી આપવા ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે આગળ કરવાની થતી તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**અધ્યક્ષ સ્થાનેથી**

**મુદ્દા નં. ( ૩ ):** વુડા ધ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો હેઠળ બીલ ગામ સુધીની વરસાદી કાંસ ભાયલી ટી.પી. ૫ થી સમિયાલા તળાવ સુધીની વરસાદી કાંસ અને સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ૨ અને ૩ UGD ના નેટવર્કના કામો માટે બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, વુડા ધ્વારા કરવામાં ડેવલોપમેન્ટના કામો અંતર્ગત બીલ ગામ સુધીની વરસાદી કાંસ ભાયલી ટી.પી. ૫ થી સમિયાલા તળાવ સુધીની વરસાદી કાંસ અને સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ૨ અને ૩ યુ.જી.ડી ના નેટવર્કની કામગીરી કરવા માટે આયોજન કરેલ છે. જેમાં સદર ઉકત ડેવલોપમે ન્ટની કામગીરી કરવા માટે બોર્ડ બેઠક ૨૩૮ ના ઠરાવ ક્રમાંક નં. ૨૫૪૪ થી ઠરાવવા મંજુરી મળેલ છે. અને સેવાસી **UGD** નેટવર્કની કામગીરી કરવા માટે બોર્ડ બેઠક ૨૩૮ ના ઠરાવ ક્રમાંક નં. ૨૫૩૩ થી ઠરાવવા મંજુરી મળેલ છે. આ સદર બીલ કાંસ અને ભાયલી કાંસના કામોના ડી.પી.આર બનાવવાની કામગીરી વુડાની એમ્પેનલ્ડ એજન્સી જયેશ એ. દલાલ ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે. અને સેવાસી **UGD** નેટવર્કની કામગીરીનો ડી.પી.આર બનાવવાની કામગીરી વુડાની એમ્પેનલ્ડ એજન્સી સ્થપતી ડીઝાઈન એન્ડ કન્સલટન્ટસ પ્રા.લી. ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ઉકત કામોના ડી.પી.આર માટે લગભગ રૂ.૩૩.૭૩ કરોડના અંદાજો તા. ૧૦/૦૧/૨૦૧૯ ના રોજ ટી.એસ.કમીટી ધ્વારા તાંત્રિક મંજુરી મેળવી કામગીરી કરવા ઈજારદારો નક્કી કરવા ઓન લાઈન ટેન્ડર થી ભાવો મંગાવેલ હતા. તે પરત્વે નીચે મુજબ ટેન્ડર મળેલ હતા.

| **અનુ.નં** | **ગામ** | **મળેલ ટેન્ડર ઓફરની સંખ્યા** | **ટેકનીકલી કવોલીફાઈડ ઓફરની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | બીલ ગામ સુધીની વરસાદી કાંસ | ૧૦ | ૬ |
| ૨ | ભાયલી ટી.પી. ૫ થી સમિયાલા તળાવ સુધીની વરસાદી કાંસ | ૫ | ૩ |
| ૩ | સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ૨ અને ૩ UGD ના નેટવર્કના કામગીરી. | ૪ | ૪ |

સદર ટેન્ડરોની ટેકનીકલ બીડ તા. ૧૪/૦૨/૨૦૧૯ ના રોજ ખોલવામાં આવેલ. જેમાં પી.એમ.સી મારફત ચકાસણી કરી સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ૨ અને ૩ **UGD** ના નેટવર્કના કામગીરી માટે ૪ (ચાર) માંથી ૪ (ચાર) બીડરોના તા. ૧૮/૦૨/૨૦૧૯ ના રોજ ખોલવામાં આવેલ તથા બીલ ગામ સુધી વરસાદી કાંસ માટે માટે ૧૦ (દશ) બીડરો માંથી ૬ (છ) બીડરો અને ભાયલી ટી.પી. ૫ થી સમિયાલા તળાવ સુધીની વરસાદી કાંસ માટે ૫ (પાંચ) બીડરો માંથી ૩ (ત્રણ) બીડરો ના પ્રાઈઝબીડ તા. ૨૦/૦૨/૨૦૧૯ ના રોજ ખોલવામાં આવેલ. તે પરત્વે નીચે મુજબની એજન્સીઓએ સાથી ઓછા ભાવ ભરેલ હતા.

| અનુ.નં | ગામ | **Name of Agency** | અંદાજ થી **% Above /Below** | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | બીલ ગામ સુધીની વરસાદી કાંસ | SHIVAM CONSTRUCTION CO. | 27.29% Below | L1 |
| ૨ | ભાયલી ટી.પી. ૫ થી સમિયાલા તળાવ સુધીની વરસાદી કાંસ | SHIVAM CONSTRUCTION CO. | 30.24% Below | L1 |
| ૩ | સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ૨ અને ૩ UGD ના નેટવર્કના કામગીરી. | KRISHNA CONSTRUCTION CO. | 35.10% Below | L1 |

ઉકત **L1** એજન્સીઓ પાસેથી ભરેલ ભાવે સદર કામગીરી કરી શકવાની બાંહેધરી પત્ર માંગેલ, તે મુજબ ઉકત **L1** એજન્સી ધ્વારા અત્રેની કચેરીએ સદર કામગીરી કઈ રીતે કરી શકાશે તે અંગે વધુ વિગતો મેળવી તા. ૨૧/૦૨/૨૦૧૯ ના રોજ ટેન્ડર કમિટી સમક્ષ રજુ કરતા ટેન્ડર કમીટી ધ્વારા

વિગતવાર ચર્ચા વિચારણા કરી L1 ધ્વારા ભરેલ ઓફરો મુજબ કામગીરી સોંપવા નિર્ણય કરેલ છે તથા તે મુજબ L1 ને જાણ કરી EMD ભરપાઈ કરી એગ્રીમેન્ટ કરવા જણાવેલ છે. જે મુજબ થયેલ કામગીરીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૫૯૨)** : વુડા વિસ્તારમાં ભાયલી-સમિયાલા કાંસ, બીલ કાંસ તથા સેવાસીમાં અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્કની કામગીરી કરાવવા ટેન્ડર પ્રક્રિયાથી નક્કી કરેલ ઈજારદારશ્રીઓ (L1) માટે થયેલ કાર્યવાહીને બહાલી આપવામાં આવી તથા કામગીરી સોંપવા માટે આગળની કરવાની થતી સઘળી કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

અધ્યક્ષ સ્થાનેથી

મુદ્દા નં. ( ૪ ): વુડા વિસ્તારમાં મોજે ખાનપુર અને અંકોડિયા ગ્રામ પંચાયત ને ઘન કચરા ના નિકાલ માટે ઈ-રીક્ષા આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તાર મોજે ખાનપુર ગામ અને અંકોડિયા ગામની આજુબાજુમાં ટી.પી. તથા નોન ટી.પી વિસ્તારમાં રહેણાંક વિકાસ થયેલ છે. મોજે ખાનપુર અને અંકોડિયા વિસ્તારમાં બનેલ નગર રચના યોજનાઓ પૈકી ખાનપુર-અંકોડિયા ટી.પી. ૨, ખાનપુર-સેવાસી ટી.પી. ૧ તથા અંકોડિયા ટી.પી. ૧ માં વુડા ધ્વારા અમલીકરણ ભાગરૂપે ટી.પી.સ્કીમના રોડના પઝેશનો મેળવી કાર્પેટ રોડની અમલીકરણથી કામગીરી પ્રગતિમાં છે. આથી મોજે ખાનપુર ગામ અને અંકોડિયા ગામ ખુબ જ ઝડપી અને સુંદર વિકાસ થઈ રહેલ છે. અને આ ગામોની આજુબાજુ થયેલ વિકાસને કારણે ઘન-કચરાના નિકાલની સમસ્યા ઉપસ્થિત થયેલ છે. આ ઘન-કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતો પાસે ઘન-કચરાના નિકાલ માટે પુરતા સાધનો ન હોવાને કારણે ખાનપુર ગ્રામ પંચાયત ધ્વારા ૫ ઈ-રીક્ષા અને અંકોડિયા ગ્રામ પંચાયત ધ્વારા ૫ ઈ-રીક્ષા ફાળવી આપવાની રજુઆત ગ્રામ પંચાયત ઠરાવ સાથે વુડાને મળેલ છે. ઘન-કચરા નિકાલ માટે જેતે રહેવાસીઓ ધ્વારા પણ વારંવાર રજુઆત કરવામાં આવે છે. ઘન-કચરાના નિકાલ માટે અગાઉ વુડા બોર્ડ બેઠક ૨૩૭ ના ઠરાવ ક્રમાંક ૨૫૧૧ ના ઠરાવ થી વુડા ધ્વારા ભાયલી ગ્રામ પંચાયતને ૧૦ ઈ-રીક્ષા તથા વુડા બોર્ડ બેઠક ૨૩૮ ના ઠરાવ ક્રમાંક ૨૫૩૮ ના ઠરાવ થી વુડા ધ્વારા બીલને ૧ ઈ-રીક્ષા અને તલસટ ૪ ઈ-રીક્ષા ફાળવી આપવા નિર્ણય કરેલ છે. જે મુજબ ૧ (એક) ઈ-રીક્ષા માટે રૂ. ૧,૫૮,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ અઠ્ઠાવન હજાર પુરા) ખર્ચ થાય તેમ છે. આથી ખાનપુર ગ્રામ પંચાયત માટે ૫ ઈ-રીક્ષા માટે લગભગ રૂ. ૭,૯૦,૦૦૦/- (અંકે રૂપિયા સાત લાખ નેવું હજાર પુરા) અને અંકોડિયા ગ્રામ પંચાયત માટે ૫ ઈ-રીક્ષા માટે લગભગ ૭,૯૦,૦૦૦/- (અંકે રૂપિયા સાત લાખ નેવું હજાર પુરા) ખર્ચ થાય તેમ છે. આથી મોજે ખાનપુર અને અંકોડિયા ગ્રામ પંચાયત માટે ૧૦ ઈ-રીક્ષા માટે કુલ રૂ. ૧૫,૮૦,૦૦૦/- (અંકે રૂપિયા પંદર લાખ એસીં હજાર પુરા) જેટલો ખર્ચ વુડા ધ્વારા કરવાનો થાય આ ઈ-રીક્ષા ઓની મરામત અને નિભાવણી ની કામગીરી ખાનપુર ગ્રામ પંચાયત અને અંકોડિયા ગ્રામ પંચાયત ધ્વારા કરવા માટે ખાતરી આપવામાં આવેલ છે. આથી રૂ. ૧૫,૮૦,૦૦૦/- (અંકે રૂપિયા પંદર લાખ એસીં હજાર પુરા) ના ખર્ચે ખાનપુર તથા અંકોડિયા ગામની આજુબાજુ વસતા રહીશો માટે ઘન કચરાના નિકાલની સુવિધા માટે ૧૦ ઈ-રીક્ષા ખરીદી કરી સોંપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી તથા તે પરત્વે સર્વ સંમાતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૫૯૩)** : વુડા વિસ્તારમાં મોજે ખાનપુર તથા અંકોડિયા માં આવેલ ટી.પી. તથા નોન ટી.પી વિસ્તારના રોજબરોજના ઘન-કચરાના નિકાલ માટે ૧૦ ઈ-રીક્ષા ખરીદી ૫ ઈ-રીક્ષા ખાનપુર ગ્રામ પંચાયતને તથા ૫ ઈ-રીક્ષા અંકોડિયા ગ્રામ પંચાયતને ફાળવવા તથા ઈ-રીક્ષાની મરામત અને જાળવણી ગ્રામ પંચાયત ધ્વારા કરાવવામાં આવે તે અંગે જરૂરી કરાર કરી સોંપણી કરવાની કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

**સહી/-**
**સભ્ય-સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા**

**સહી/-**
**અધ્યક્ષ**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા.**